કઈ રીતે કરશો સંજોગ ન્યુઝની એપ્લેકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યુઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Isuue- 75 | AD-2021, Magsar Sud -15 Saturday, Dt. 18-12-2021 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટ મામલે કેન્દ્ર સરકારની ચેતવણી

# ડેલ્ટાને પાછળ છોડી શકે છે ઓમિક્રોન : કેસ ૧૦૦ને પાર




નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્ર સરકારે ચેતવણી આપી છે કે, કોરોનાનો ઓમિક્રોન વેરિઅન્ટ ટૂંક સમયમાં વધુ સંક્રમણવાળા દેશોમાં ડેલ્ટાને પાછળ ધકેલીને સૌથી વધુ ફેલાતો વેરિઅન્ટ બની શકે છે. તેમણે દક્ષિણ આફ્રિકા, બ્રિટન જેવા દેશોમાં આવી સ્થિતિને લઈને ચેતવણી આપી છે.

સ્વાસ્થ્ય મંત્રાલયમાં સંયુક્ત સેક્રેટરી લવ અગ્રવાલે કહ્યું કે ભારતમાં અત્યારે તુલનાત્મક રીતે સ્થિતિ નિયંત્રણમાં છે. પરંતુ આપણે વિશ્વની સ્થિતિને ધ્યાનમાં રાખીને સતર્ક રહેવુ જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં વેક્સિનેશનની ઝડપ મામલે ભારત પ્રથમ ક્રમાંકે છે. ભારતમાં ૮૭.૬ ટકા લોકોએ કોરોના વેક્સિનનો એક ડોઝ લગાવ્યો છે. અમેરિકાની સરખામણીએ લગભગ ત્રણ ગણી વેક્સિન ભારતમાં લગાવી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, અત્યારે દેશમાં ઓમિક્રોનના ૧૦૧ કેસ છે. ૧૧ રાજ્યોમાં આ કેસ છે. મહારાષ્ટ્રમાં ૩૨, દિલ્હીમાં ૨૨, રાજસ્થાનમાં ૧૭, કર્ણાટકમાં ૮, તેલંગાણામાં ૮, ગુજરાતમાં ૫, કેરળમાં ૫ કેસ જ્યારે આંધ્રપ્રદેશ, ચંદીગઢ, તામિલનાડુ, પશ્ચિમ બંગાળમાં ૧ કેસ નોંધાયા છે.

નીતિ આયોગના સભ્ય વી.કે પૉલે કહ્યું કે, યૂરોપ ખુબ જ સીરિયસ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. તેઓ ડેલ્ટા હોય કે ઓમિક્રોન, કેસની સંખ્યા વધી છે. આપણે સ્થિતિથી લડવાને લઈને તૈયાર રહેવું પડશે. સરકાર આ દિશામાં સમગ્ર પ્રયાસ કરી રહી છે.

# પેગાસસ : પ.બંગાળ સરકારે બનાવેલા કમિશનને તપાસ નહીં કરવા આદેશ

નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે મમતા બેનરજી સરકાર દ્વારા પેગાસસ જાસૂસી મામલાની થઈ રહેલી તપાસ પર રોક લગાવી મમતા બેનરજીને મોટો આંચકો આપ્યો છે.



પશ્ચિમ બંગાળ સરકારે આ મામલાની તપાસ માટે એક કમિશન બનાવ્યુ હતુ.જોકે આ કમિશનને પોતાનુ કામ રોકી દેવા માટે સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે.

પેગાસસની તપાસ માટે સુપ્રીમ કોર્ટ તરફથી પહેલા જ એક કમિશનની રચના કરવામાં આવેલી છે.

આ પહેલા પણ સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને કહ્યુ હતુ કે, તમારા કમિશનની તપાસ રોકવામાં આવે. મમતા સરકારે સુપ્રીમ કોર્ટેને ખાતરી પણ આપી હતી. જોકે એ પછી પણ પશ્ચિમ બંગાળ સરકારના કમિશને પોતાની તપાસ ચાલુ રાખી હતી. જેના પગલે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નોટિસ આપી છે.






# અમે પણ સ્કૂલમાં શિયાળામાં ખુલ્લામાં જ ભણતા હતાં : શિક્ષણમંત્રી વાઘાણી

### જસ્ટિસ પારડીવાલા અને મહેતાની ખંડપીઠે ગંભીર નોંધ લેતાં સુઓમોટો કરી

અમદાવાદ, તા. ૧૭

રાજ્યની સરકારી પ્રાથમિક સ્કૂલોમાં બિલ્ડિંગના અભાવે ખુલ્લામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્થિતિની ગુજરાત હાઈકોર્ટે સૌથી મહત્ત્વપૂર્ણ અને ગંભીર નોંધ લીધી છે. છોટાઉદેપુરના વાગલવાડાની સ્કૂલનું બિલ્ડિંગ ધરાશાયી થયા બાદ ખુલ્લામાં ભણી રહેલા વિદ્યાર્થીઓની સ્થિતિ અંગે શિક્ષણમંત્રી વાઘાણીએ આપેલા 'અમે પણ શિયાળામાં ખુલ્લામાં જ ભણતા' નિવેદનને હાઈકોર્ટે શરમજનક ગણાવ્યું છે તેમજ રાજ્ય સરકારને નોટિસ પાઠવી શિક્ષણ વિભાગના એડિશનલ સેક્રેટરીથી ઉપરની કક્ષાના અધિકારીને કોર્ટ સમક્ષ પ્રત્યક્ષ હાજર રહી રિપોર્ટ આપવા માટે આદેશ કર્યો છે.

એક અંગ્રેજી અખબારમાં છોટાઉદેપુર જિલ્લાની એક સ્કૂલમાં વિદ્યાર્થીઓ ખુલ્લામાં અભ્યાસ કરી રહ્યા હોવાનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેને લઈ જસ્ટિસ પારડીવાલા, નિરલ મહેતાની ખંડપીઠે ગંભીર નોંધ લેતાં સુઓમોટો દાખલ કરી છે. હાઈકોર્ટે નોંધ્યું છે કે ૨૦૨૦માં વરસાદને કારણે સ્કૂલનું બાંધકામ તૂટી ગયું હતું. જે અંગે જિલ્લા શિક્ષણ વિભાગને રજૂઆત પણ કરવામાં આવી હતી.

### ઢાકામાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકીમાં

# ભારતનો પાકિસ્તાન સામે ૩-૧ થી આસાન વિજય

ઢાકા, તા.૧૭

ભારતીય હોકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૧ની મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને ૩-૧થી હરાવ્યું હતું. ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતાએ ત્રીજા ક્વાર્ટર સુધી શાનદાર રમત રમી. તેણે બે ગોલ કર્યા, જ્યારે પાકિસ્તાન ત્રીજા ક્વાર્ટરની અંતિમ ક્ષણોમાં પ્રથમ ગોલ કરવામાં સફળ રહ્યું. મેચનો ચોથો ક્વાર્ટર નિર્ણાયક હતો, જ્યાં મનપ્રીત સિંહની આગેવાની હેઠળની ટીમે ફરી એકવાર જોરદાર રમત બતાવી અને



૩-૧ના સ્કોર સાથે મેચ પૂરી કરી હતી ભારત તરફથી હરમનપ્રીત સિંહે બે ગોલ કર્યા હતા જ્યારે આકાશદીપે એક ગોલ કર્યો હતો.

ભારતે તેની પ્રથમ મેચ કોરિયા સામે ૨-૨થી ડ્રોમાં શેર કરી હતી. ભારત હાલમાં ત્રણ મેચમાં સાત પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે અને રાઉન્ડ-રોબિન ધોરણે રમાઈ રહેલી પાંચ દેશોની ટુર્નામેન્ટમાં રવિવારે તેનો મુકાબલો જાપાન સામે થશે. પાકિસ્તાન પાસે હાલમાં બે મેચમાં માત્ર એક પોઈન્ટ છે.



















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શનિવાર, તા.૧૮-૧૨-૨૦૨૧

### પોતાના વતનમાં મતદાન કરવા માટે સુરત, અમદાવાદ સહિત અન્ય શહેરોમાંથી મતદારોનો અભૂતપૂર્વ ધસારો

# અમરેલી જિલ્લામાં ગ્રા.પં.ની ચૂંટણીને લઈ આજે કતલની રાત

### દાહોદ, ગોધરા પંથકના શ્રમિકો મતદાન માટે વતન ભણી થયા રવાના

અમરેલી,તા.૧૭

રાજયની તમામ ગ્રામ પંચાયતોની ચૂંટણી આવતીકાલ તા.૧૯ના રોજ યોજાવાની છે ત્યારે અમરેલી જિલ્લામાં વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા ચૂંટણીને લઈ તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈ મતદારોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. અમરેલી જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારનો વર્ગ ધંધાર્થે સુરત, અમદાવાદ તેમજ અન્ય શહેરોમાં સ્થાયી થયો છે. પરંતુ ગ્રામ પંચાયતની ચૂંટણી નજીક આવતાની સાથે જ સુરત-અમદાવાદથી લોકો પોતાના વતનમાં મતદાન કરવા માટે આવી રહ્યાં છે. આજે કતલની રાત હોવાથી ઉમેદવારો



વિજયી બનવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. દાહોદ,ગોધરા પંથકના શ્રમિકો પણ મજૂરીકામ બાજુએ મૂકી મતદાન કરવા માટે પોતાના વતન ભણી પ્રયાણ કરી રહ્યાં છે. એસ.ટી.બસ ભરચકક જઈ રહી છે. આવતીકાલે સાંજ સુધીમાં તમામ કર્મચારીઓને ફરજ માટેનું સ્થળ આપી દેવાશે જેથી કર્મચારીઓ મતપેટીઓ સાથે

### આજ સાંજ સુધીના તમામ મતદાન મથકોએ મતપેટીઓ સાથે કર્મચારીઓ હાજર થઈ જશે

ચૂંટણીલક્ષી તમામ સાહિત્ય લઈ એસ.ટી.બસ મારફતે મતદાન મથકે પહોંચી જશે.

અમરેલી જિલ્લામાં ગ્રા.પં.ની ચૂંટણી શાંતિથી યોજાય તે રીતે તમામ ગ્રા.પં. પર જિલ્લા પોલીસ વડા નજર રાખી રહ્યાં છે. ગ્રામ પંચાયતની ચૂંટણીને કારણે ખાલીખમ લાગતા ગામડાઓમાં પણ લોકોની અવરજવર ખાસ્સી જોવા મળી રહી છે.

# બાબાપુર શાળાના આચાર્યએ તટસ્થ તપાસની કરી માંગ

### બિનપટેલ અધિકારી તપાસ કરે તેવો અરજીમાં કર્યો ઉલ્લેખ

અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાના બાબાપુર ગામની શાળામાં ફરજ બજાવતી ત્રણ શિક્ષિકાઓએ આચાર્યની કામગીરી બાબતે શિક્ષણાધિકારી સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા ચકચાર મચી જવા પામી છે. શિક્ષિકાઓની ફરિયાદ બાદ આચાર્યએ આ વિવાદની બિનપટેલ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તેવું કહ્યું હતું. આ અંગે સંજોગ ન્યૂઝ સાથેની વાતચીતમાં આચાર્યએ વધુમાં જણાવ્યું હતું કે, મારા વિરૂધ્ધ જે કંઈ ફરિયાદ કરવામાં આવી છે તે તદ્દન ખોટી અને વાહિયાત છે. ચોક્કસ વર્ગ અને જ્ઞાતિ દ્વારા મારા વિરૂધ્ધ ફરિયાદ કરી મારી આબરૂને લાંછન લગાવી રહ્યા છે. મારી સામે થયેલી ફરિયાદની તટસ્થ તપાસ થાય તેમજ ફરિયાદ કરનાર જે જ્ઞાતિના લોકો છે તેના બદલે કોઈ અન્ય જ્ઞાતિના અધિકારીઓ તપાસ માટે નિમવામાં આવે તેવી ઉચ્ચ અધિકારીઓ સમક્ષ માંગ સાથે વિનંતી કરી છે.

# ગુજરાતના લાખો યુવાનો રોજગારી માટે દેશ છોડી રહ્યાં છે : પરેશ ધાનાણી

અમરેલી,તા.૧૭

ગુજરાત સરકારની ઢીલી નીતિના કારણે શિક્ષિતોને પુરતી રોજગારી મળતી ન હોવાથી રાજ્ય સરકારની કામગીરી સામે અમરેલીના ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ આકરા પ્રહારો કર્યા છે. પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે, શિક્ષણ અને રોજગારમાં ગુજરાત ખાડે ગયું છે. ગુજરાતના લાખો યુવાનો શિક્ષણ અને રોજગારી માટે ગુજરાત છોડી વિદેશોમાં રોજગારી માટે ભટકી રહ્યાં છે. રાજ્યમાં દિન-પ્રતિદિન બેરોજગારીનો દર વધતો જાય છે. સરકાર



પોતાની નિષ્ફળતા છુપાવવા માટે પરીક્ષાની લાયકાતમાં ફેરફાર કરે છે. ભાજપના મળતીયાઓ દ્વારા પરીક્ષા ભરતીમાં કૌભાંડ કરીને પરીક્ષાઓ રદ કરવામાં આવે છે. જે ગુજરાતના યુવાનો સાથે ક્રુર મશ્કરી સમાન છે. મસમોટા કૌભાંડના મૂળ ભાજપના નેતાઓ સુધી પહોંચી રહ્યાં છે.

**પેટ્રોલ ખુટી જતાં માનવતાનો 'પગ' લંબાવ્યો**



તસવીર : મયુર પંડયા

કાઠીયાવાડના લોકો અવનવા જુગાડ માટે પ્રખ્યાત છે. જેમાં હવે રસ્તા પર ટુ-વ્હીલરમાં પેટ્રોલ ખુટી જાય તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી કારણ કે રસ્તા પરથી પસાર થતાં અન્ય ટુ-વ્હીલર ચાલક પાસેથી મદદ માંગવામાં આવે તો ટુ-વ્હીલર ચાલક માનવતાનો 'પગ' લંબાવવા તૈયાર હોય છે. આવુ જ એક દ્રશ્ય બાબાપુર - ગાવડકા વચ્ચે જોવા મળ્યું હતું.

# લીખાળા દુષ્કર્મ કેસમાં માત્ર ત્રણ જ દિવસમાં ચાર્જશીટ

### ઝડપી તપાસથી લોકોમાં ન્યાયતંત્ર પ્રત્યે વિશ્વાસ દ્રઢ બન્યો

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલાના લીખાળા પંથકમાં બનવા પામેલી દુષ્કર્મની ઘટનામાં પોલીસે ઝડપી તપાસ કરી માત્ર ૩ જ દિવસમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી દીધી છે. તા. ૧૫-ડિસેમ્બરે ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને કોર્ટે આજે તા. ૧૭ના બપોરના ૩ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આજે રિમાન્ડ પૂર્ણ થતા પોલીસે ચાર્જશીટ પણ રજૂ કરી દીધું છે. ત્યારે ઝડપી તપાસથી લોકોમાં ન્યાય તંત્ર અને પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધુ દ્દઢ બન્યો છે.

# બગસરાના માણેકવાડા ગામે ઝેરી દવાની અસરથી બાળકીનું મોત

અમરેલી, તા. ૧૭

બગસરા તાલુકાના માણેકવાડા ગામે પરિણીતાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધા બાદ અઢી માસની બાળકીને પણ ઝેરી દવાની અસર થતા બાળકીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જ્યારે પરિણીતાને વધુ સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડવામાં



આવી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, માણેકવાડા ગામે મજૂરી કામ કરતી દેવીપુજક મહિલાને પોતાના પતિ સાથે કામ બાબતે માથાકૂટ થતા પરિણીતાએ ગુસ્સામાં ઘરમાં પડેલ ઝેરી દવા પી લીધા બાદ તેની અઢી માસની બાળકીને પણ ઝેરી દવાની અસર થતા બાળકીનું મોત નિપજ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બગસરા બાર કાઉન્સીલની ચૂંટણી બિનહરીફ થતા અભિનંદનની વર્ષા

અમરેલી,તા.૧૭

બગસરા બાર કાઉન્સીલના પ્રમુખ કોણ બનશે તે માટે છેલ્લાં ત્રણ દિવસથી ખરાખરીનો ખેલ જામ્યો હતો પરંતુ ચૂંટણીના દિવસે જ ઘીના ઠામમાં ઘી પડી જતા સમગ્ર ચૂંટણી સમરસ જાહેર થઈ હતી. પ્રમુખપદ માટે ત્રણ વકીલોએ દાવેદારી નોંધાવ્યા



બાદ બે વકીલોએ સ્વેચ્છાએ પ્રમુખપદમાંથી દાવેદારી પરત ખેંચી લીધી હતી. જેથી યુવા વકીલ અનિરૂધ્ધભાઈ જોષીની સર્વાનુમતે પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. સેક્રેટરી તરીકે બી.એસ.પાતળીયા, ઉપપ્રમુખ તરીકે વિશ્વાસભાઈ ઠાકર અને ખજાનચી તરીકે અનિલભાઈ સાવલીયાની વરણી કરવામાં આવી છે. નવનિયુકત હોદ્દેદારો પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ઈલેકટ્રીક વ્હીકલ પોલીસી અંતર્ગત અમરેલી આરટીઓ ઓફિસ દ્વારા સબસિડી ચુકવાઈ

અમરેલી તા.૧૭

ગુજરાત રાજ્ય ઈલેકટ્રીક વ્હીકલ પોલીસી ૨૦૨૧ અંતર્ગત ઈલેકટ્રીક વ્હીકલ પર સબસિડી આપવામાં આવી હતી. અમરેલીમાં ૨૪ ઈલેકટ્રીક વાહનોની માંગણી કરવામાં આવી હતી. તેમાંથી ૨૧ વાહનોની રૂા. ૩.૧૦ લાખ રૂા.ની સબસિડી મંજૂર કરવામાં આવી છે. આ પોલીસી



અંતર્ગત ટુ-વ્હીલર નોંધણી પર રૂ.૨૦ હજાર, થ્રી-વ્હીલર નોંધણી પર રૂ.૫૦ હજાર અને ફોર-વ્હીલર નોંધણી પર રૂ.૧,૫૦,૦૦૦ની સબસિડી રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે. જે વાહનચાલકો સબસિડીમાં બાકી રહેલ છે. તેઓને પણ ટુંક સમયમાં સબસિડી ચુકવવામાં આવશે. અમરેલી જિલ્લામાં વધુમાં વધુ લોકો ઈલેકટ્રીક વાહનોની ખરીદી કરી સબસિડીનો લાભ લે તેવો આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી વલ્લભ ||


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300

જૈન ઇરિગેશન સિસ્ટમ્સ લિ.
નાના નાના સોપાન, સર કરે આસમાન
ટપક પધ્ધતી, મીની ફુવારા, ફુવારા પાઈપ
GGRC સરકારશ્રીની ૭૦ % થી ૮૫ % સુધીની
સબસીડીમાં ઉપલબ્ધ*
કેળાના જૈન ટિસ્યુ રોપા
ઓર્ડર ઉપર મંગાવિ આપીશુ.

જુના અને જાણીતા ૩૦ વર્ષના અનુભવી ડિલર
પૂજા ઈરીગેશન - અમરેલી
માણેકપરા, ભગવતીચોક, સુદર્શન હોસ્પિટલની બાજુમાં,
સંપર્ક સુત્ર : ખોડાભાઈ બોરડ, મો. ૯૪૨૭૨ ૬૩૯૮૪, કંપની સંપર્ક સુત્ર - મો. ૯૫૧૦૨ ૦૩૩૯૪

# બાબાપુર શાળાનો વિવાદ વકર્યો : આચાર્યના આક્ષેપ સામે શિક્ષિકાઓની ફરિયાદ

અમરેલી, તા.૧૭

બાબાપુર શાળાના આચાર્ય સામેનો વિવાદ શમવાનું નામ લેતો નથી. આચાર્ય વિરૂધ્ધ જાગૃત નાગરિકોએ ઉચ્ચકક્ષાએ ફરિયાદ કર્યા બાદ હવે શાળાની શિક્ષિકાઓએ આચાર્ય સામે ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. શિક્ષિકાઓએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, અમો બાબાપુર પ્રાથમિક શાળાની નીચે સહી કરનાર શિક્ષિકા બહેનો જણાવીએ છીએ કે, બાબાપુરના આચાર્ય દ્વારા તા. ૧૫-૧૨-૨૦૨૧ની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને અરજી દ્વારા અને પ્રેસ આઉટ દ્વારા... મારે ઝેર ખાઈને જીવન ટૂંકાવવું પડશે અને અને અમરેલી જિલ્લામાં ચોક્કસ જ્ઞાતિનો જ્ઞાતિવાદ ખૂબ ખરાબ રીતે વકરી રહ્યો છે એવું કહેનાર આ આચાર્ય પોતાના પ્રત્યે સહાનુભૂતિ ઉભી કરવા આવા નાટકો કરે છે. આ આચાર્યએ પોતાના ૩૫ વર્ષના નોકરીના સમયમાં ક્યારેય શિક્ષણકાર્ય કરાવ્યું નથી. ૨૦૧૦થી બાબાપુરમાં આચાર્ય તરીકે નિષ્ઠાથી નોકરી કરૂં છું એવું કહેનાર આ આચાર્યએ છેલ્લા ૧૦ વર્ષથી નહીં પણ જીવનમાં ક્યારેય બાળકોને ભણાવ્યા જ નથી. તેણે બાળકોને ભણાવ્યાં હોય તેવો એક પણ પુરાવો શાળામાં નથી. હાલમાં ભણતા કે ભણીને શાળા છોડી ગયેલ આ ગામના કોઈ પણ વિદ્યાર્થીને પૂછીને ખાતરી કરી શકાય છે. તેમજ અમો આ આચાર્યના ત્રાસનો ભોગ બનનાર અને આ આચાર્ય વિરૂધ્ધ ફરિયાદ કરનાર ત્રણ બહેનો પૈકી એક બહેન હું શ્રી સુમિતાબેન ઠાકર બ્રાહ્મણ જ્ઞાતિની જ શિક્ષિકા બહેન છું. તો પછી કઈ રીતે જ્ઞાતિવાદ કર્યો કહેવાય?

અરે સાહેબ બિન પટેલ અધિકારી દ્વારા તપાસ કરાવી ન્યાયની માંગણી કરનાર આ આચાર્ય ભદ્રેશ દવે ભૂલી ગયા છે કે અમો શ્રી સુમિતાબહેન ઠાકર, શ્રી હિરલબેન ભુવા, શ્રી આશાબેન કોરડીયા અમારી અરજીમાં જોડેલા પુરાવા જ એટલા પુરતા છે કોઈપણ અધિકારીની તપાસ વગર તેને ડિસમિસ કરી શકાય છે. અમારી તા. ૨૦/૧૧/૨૦૨૧ની આપ સાહેબને કરેલ અરજીમાં જોડેલ પુરાવામાં શિક્ષક હાજરી પત્રકમાં ૦૩/૦૯/૨૦૨૦થી ૨૫/૦૯/૨૦૨૦ સુધી દિવસ ૨૩ તથા ૦૯/૦૮/૨૦૨૧ થી ૧૮/૦૮/૨૦૨૧ સુધી દિવસ ૧૦ આ આચાર્યના સહીના ખાના ખાલી છે અને અન્ય શિક્ષકોની સહી કરેલી છે તેવી ઝેરોક્ષ જોડેલ છે. આ ખાના ખાલીમાં હાલ આ આચાર્યની સહી કરેલી છે. ભ્રષ્ટાચાર અને અનિયમિતતાનો આનાથી મોટો પુરાવો ક્યો હોય શકે? આપ સાહેબને નમ્ર વિનંતી કે આ એક પુરાવો જ આ બદમાશ આચાર્યને સજા કરવા માટે પુરતો છે. તો આપ સાહેબે હજુ સુધી આ બાબતે તપાસ કરીને સજા કેમ નથી કરતાં?


આ ગુલટીબાજ આચાર્ય શિક્ષણ જગતનું કલંક છે. જે બીજા નિષ્ઠાથી કામ કરતા શિક્ષકોની છાપ પણ ખરાબ કરે છે. ચાલુ શાળામાં નશાકારક પદાર્થ લેવો, ચાલુ શાળામાં ચારપાઈ (ખાટલો) રાખીને સૂઈ જવું, એ.સી. ઓફિસમાં આખો દિવસ બેઠા રહેવું. આ બધી જ તમામ બાબતો ગામના તમામ લોકો અને ભણતા અને ભણી ગયેલા તમામ બાળકો તથા સ્ટાફ જાણે છે. આપ સાહેબ ગામ લોકોની મુલાકાત લઈ ઉપરોક્ત તમામ બાબતની યોગ્ય તપાસ કરશો તો આ સિવાયની અનેક બાબતો જાણવા મળશે. અગાઉની આ આચાર્યની નોકરી દરમિયાન પણ તેના વિરૂધ્ધ ફરિયાદો થયેલ છે. આ આચાર્યએ અગાઉ જે જે ગામમાં નોકરી કરી છે તે ગામમાં પણ તપાસ કરતાં માલુમ પડશે કે આ ગુલ્ટીબાજ આચાર્ય ક્યારેય નોકરીએ ગયો જ નથી. માત્ર બાહ્ય પરિચર સુંદર રાખવું અને લોકોને પ્રભાવિત કરવા જેવી પ્રયુક્તિ કરીને વાહ વાહ અને શાબાશી મેળવેલ છે.

ગાંધીનગરના શિક્ષણ વિભાગના ઉચ્ચ કક્ષાના અધિકારી સાથે આ આચાર્યને નજીકનો સંબંધ છે જેના કારણે આ આચાર્ય પોતાની નોકરીમાં બેફામ બનેલ છે. ગામના લોકોને બેફામ ગાળો દઈ પોતે જ આ ઓડિયો ક્લિપ ગામના વાલીઓના ગ્રુપમાં વાયરલ કરે છે. હું તેમની સ્ટાફની બહેન સુમિતાબેન એચ. ઠાકર, મારા પતિને ફોનમાં ગાળો અને ધમકી આપી, આચાર્યએ પોતે જ ઓડિયો ક્લિપ વાયરલ કરેલ છે. જેના પુરાવા આપ સાહેબને ગામના સરપંચશ્રી અને સ્ટાફ બહેનોની અરજીમાં જોડેલ છે. તો આપ સાહેબને નમ્ર વિનંતી કે આ બદમાશ આચાર્ય સામે તાત્કાલિક પગલા લઈ તેને ડિસમિસ કરો. તેમજ આ શાળાના વિજ્ઞાન શિક્ષક હું હિરલબેન પી. ભુવા શરૂઆતની મારી નોકરીમાં મને કાબુમાં લેવા, મારૂં યૌન શોષણ કરવા આ બદમાશ આચાર્યએ વિજ્ઞાન રૂમમાં જ્યાં તે પોતે ખાટલો (ચારપાઈ) રાખી સુતો ત્યાં જ ફરજિયાત આવવા અને પ્રયોગ શાળામાં જ પ્રયોગ કરવા ફરજ પાડી હતી. હું તેના કાબુ ના આવેલ હોય યેનકેન પ્રકારે મને ત્રાસ આપવા પ્રયત્ન કરેલ છે.

આ આચાર્યની તાલુકા બહાર બદલી કરી આપ સાહેબ તટસ્થ તપાસ કરશો તો બાબાપુર પેટા શાળાના આચાર્યો, શિક્ષકો, ગામના વાલીઓ અને બાળકો આ આચાર્યના અનેક કરતૂતો, ભ્રષ્ટાચાર, વ્યાભિચાર વિશે ઘણુ બધુ જાણવા મળશે. આખી નોકરી દરમિયાન હાથમાં ચોક ના લેનાર, માસૂમ ગરીબ બાળકોનું ભવિષ્ય બગાડનાર આ આચાર્ય પોતાના બચાવમાં જ્ઞાતિવાદની ભ્રામક રજૂઆતો અને વાતો વહેતી કરે છે. પોતે બચવા માટે હવાતિયાં મારે છે. આપ સાહેબ પ્રામાણિક અને સરળ અધિકારી છો. આવા કામચોર અને બદમાશ શિક્ષકને બદલી જેવી હળવી સજા કરશો તો આપ કુદરતના ગુનેગાર બનશો અને અમારે નાછૂટકે આ આચાર્ય વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવાની ફરજ પડશે. આપ સાહેબ જેવા સરળ અને પ્રામાણિક અધિકારી હોવા છતાં કોર્ટમાં જવાની ફરજ પડશે.

### સંવેદનશીલ ગણાતા આ વિસ્તારમાં સતર્કતા જરૂરી : આગેવાનો

# લોઠપુરના વળાંક પાસે કોસ્ટલ ચેકપોસ્ટ ઉભી કરવા માંગણી



રાજુલા, તા. ૧૭

જાફરાબાદ તાલુકાના લોઠપુર વળાંક પાસેની જગ્યા સંવેદનશીલ ગણાતી હોય, જેના કારણે અહીં કોસ્ટલ ચેકપોસ્ટ ઉભી કરવા આગેવાનો દ્વારા માંગણી કરવામાં આવી છે. જિલ્લા પંચાયતના કરશનભાઈ ભીલ તથા શીવરાજભાઈ કોટીલાએ આ માંગ કરી છે. આ રોડ દરિયાઈ વિસ્તારને લગતો હોય જેથી અહીં ભારે વાહનોની સતત અવરજવર રહે છે અને અહીં સતર્કતા પણ જરૂરી છે. આ રસ્તેથી લાઈમસ્ટોનના અને સિમેન્ટના હેવી લોડેડ ટ્રકો અન્ય રાજ્યોમાંથી પણ આવતા હોય જેથી કોઈ ટ્રકમાં કોઈ વાંધાજનક ચીજ-વસ્તુ તો નથી આવતી ને? એ અંગે પણ તકેદારી રાખવી જરૂરી છે. જેના માટે કોસ્ટલ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવે તે જરૂરી છે તેવી રજૂઆત આગેવાનો દ્વારા કરવામાં આવી હતી.

# હનુમાન ખીજડીયામાં બસની સમસ્યાને લઈ ગ્રા.પં. ચૂંટણી બહિષ્કારની ચીમકી

વડીયા, તા. ૧૭




વડીયા તાલુકાના હનુમાન ખીજડીયા ગામે વિદ્યાર્થીઓને એસટી બસના પ્રશ્ને મુશ્કેલી થઈ રહી છે. ત્યારે આ સમસ્યાને લઈ સરપંચ દ્વારા આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. હનુમાન ખીજડીયાના વિદ્યાર્થીઓ વડીયામાં અભ્યાસ અર્થે આવતા હોય છે અને એસટી મારફત અપડાઉન કરતા હોય છે. વડીયાથી આ બસના ફેરાની વ્યવસ્થા કરવામાં આવે છે. પરંતુ વડીયા ડેપો પાસે કોઈ બસ સેવા ઉપલબ્ધ ન હોવાથી બગસરા અને જેતપુર ડેપોની બસો આવે ત્યારે વિદ્યાર્થીઓને બસો મળતી હોય, આ પ્રશ્નને લઈ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ ઉકેલ ન આવતા વિદ્યાર્થીઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ત્યારે આ બસસેવા જો આગામી દિવસોમાં શરૂ નહીં થાય તો ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તેવી સરપંચ સત્યમ મકાણી દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# પીપાવાવ પોર્ટ દ્વારા ગૌચરની જમીન પર કરાયેલા દબાણ સામે મુખ્યમંત્રીને રજૂઆત

રાજુલા, તા.૧૭



રાજુલા પીપાવાવ પોર્ટ દ્વારા રામપરા-૨ ગામે ગૌચર જમીન સહિત મોટાભાગના વિસ્તારોમાં કરાયેલા દબાણ દૂર કરવા તથા સીએસઆર ફંડ વાપરવા અંગે જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમે મુખ્યમંત્રી-કલેક્ટરને પત્ર પાઠવી ધારદાર રજૂઆત કરી છે. જેમાં જણાવ્યું હતું કે, રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે ગૌચર જમીનમાં પીપાવાવ પોર્ટ દ્વારા મોટાભાગના વિસ્તારોમાં દબાણ કરવામાં આવ્યું છે. જે અંગે રામપરા-૨ ગ્રામ પંચાયતના સનાભાઈ વાઘ દ્વારા અગાઉ સરકારમાં દબાણ દૂર કરવા અનેકો વખત રજૂઆત કરાઈ હતી. પરંતુ આંખ આડા કાન કરી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારે કાર્યવાહી કરવામાં આવી ન હતી. બીજી તરફ તાલુકાના ઔદ્યોગિક એકમો દ્વારા સ્થાનિક વિસ્તારોના ઉત્થાન માટે નિયત રકમ વાપરવાની થતી હોય છે. પરંતુ એપીએમ ટર્મીનલ પીપાવાવ પોર્ટ દ્વારા લોક ઉપયોગી કાર્યો જેવા કે એમ્બ્યુલન્સ સેવાઓ જેવા પાયાના કાર્યો કરવામાં આવ્યા નથી તથા વિકાસ માટે જે ગામો દત્તક લેવામાં આવ્યા છે તે પૈકીના મોટાભાગના ગામોમાં જરૂરી સંભાળ લેવામાં આવી નથી અને અમૂક જ ગામોમાં પુરતી સહાય કરી સસ્તી પ્રસિધ્ધી મેળવી લેવામાં આવે છે. જે રકમ ફાળવવામાં આવે છે તે જુદા-જુદા કાર્યક્રમોમાં ખર્ચી નાખી ખોટા હિસાબો રજૂ કરવામાં આવી રહ્યા છે. સીએસઆર ફંડના ગોટાળામાં પોર્ટનાં અધિકારીઓ સહિત કુલ ચાર લોકોને સસ્પેન્ડ કરાયા છે. જેની પણ યોગ્ય તપાસ કરવામાં આવે અને આ ગોટાળામાં અન્ય અધિકારીઓ પણ સામેલ હોય તેની સામે કાર્યવાહી કરવા લોક માંગ છે. ઉપરાંત ઈએસઆર સહિત વિવિધ વાપરવાના ફંડોનું વ્યવસ્થિત મોનિટરીંગ થતું નહિં હોવાની લોકોમાં બૂમરાણ છે. ત્યારે સરકારના અધિકારીઓ કેમ આ કંપનીને છાવરી રહ્યા છે તેવા સવાલો ઉઠવા પામ્યા છે. આ અંગે યોગ્ય કાર્યવાહી કરી ગૌચર સહિત દબાણો દૂર કરવા અને તપાસ સાથે પગલા ભરવા રજૂઆત કરાઈ છે.


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ

વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ



ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી


# અમરેલી જિલ્લામાં બે નાયબ પોલીસ અધિક્ષકની નિમણૂંક

અમરેલી તા.૧૭

રાજ્ય સરકારના અધિક સચિવ દ્વારા અમરેલી જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકની નિમણૂંક કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકની એક ખાલી જગ્યા છેલ્લા ઘણા સમયથી હતી તો એક નવી જગ્યા ઉભી થઈ હતી. આ બન્ને જગ્યા પર ઝાલોદથી બી.વી. જાદવ અને જંબુસરથી એ.જી. ગોહિલ (એસ.સી./એસ.ટી.સેલ)ની નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

## -// કુલ મુખત્યારનામુ ખોવાઈ ગયા સંબંધેની જાહેર નોટીસ // -

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ,અશ્વિન એમ.પટેલ,લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છુ કે:

અમારી પાસેથી અમારા અસીલ શ્રી પારૂલબેન મેરામભાઈ સોલંકી,રહે.ધારી,જી.અમરેલીવાળાની બાનાખત કરેલ મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ગામે સુધરાઈ હદમાં,ચિતલરોડ રસ્તે " સાંઈનગર" મા આવેલ મિલકત,

રે.સર્વે નં.૩૭,૩૭/૨, સબપ્લોટ નં.૧૯,૨૧,૨૩/૩, જેનાચો.મી. ૯૦-૫૬,

નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૫૧૪૩/૨૪, તા.૨૯/૧૧/૨૦૨૧,

ઉપરોકત મિલ્કતનુ અમારા અસીલશ્રીએ ભુપતભાઈ જયંતિભાઈ સાવલીયા પાસેથી વેચાણ અંગેનુ નોટરાઈઝ બાનાખત કરેલ છે.જયારે ઉપરોકત મિલકતના ઉતરોતર દસ્તાવેજોમા પ્લોટ નં.૧૯ નો ચો.મી.૨૮૫-૮૫ નો અનુક્રમ નં.૨૮૯૮, તા.૨૪/૭/૨૦૦૮ નો વેચાણ દસ્તાવેજ લખી આપનાર (૧) સમીરકુમાર પ્રવિણભાઈ વોરા, (૨)સંજયકુમાર પ્રવિણભાઈ વોરા, (૩)કાજલબેન જયેશકુમાર શાહ,વિગેરેના કુલમુખત્યાર હેમેન્દ્રભાઈ રતિલાલ મહેતાએ નિકુલભાઈ હેમેન્દ્રભાઈ મહેતાને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે કુલમુખત્યારનામુ અશ્વિનકુમાર કનૈયાલાલ આશરે જુદી જુદી ઓફીસોમા આપવા માટે જલ્પાબેન બ્રિજેશભાઈ સંપટને આપેલ તેમના દ્વારા તેમના ઘરેથી નાના બસસ્ટેશન સુધીના રસ્તા ઉપરથી પસાર થઈ ઝેરોક્ષ કરાવવા જતા કયાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમા જાણ અમરેલી સીટી પોલીસ સ્ટેશને તા.૩૧/૮/૨૦૨૧ ના રોજ કરેલ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે,ઉપરોકત જણાવેલ મિલ્કત ઉપર અને સદરહુ દસ્તાવેજ અંગે કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ,હકક,હિત,હિસ્સો,લાગભાગ,અગ્રહકક,ગીરો-બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનાર ને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૩(ત્રણ)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી,જો તેમ નહી કરવામાં આવેથી કોઈનુ કંઈ લેણ કે દેણ કે હકક,હિત,હિસ્સો,અગ્રહકક,ગીરો-બોજો,તારણ કે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરાવવામાં આવશે અને ત્યાર બાદ કોઈ પણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ: ૧૮/૧૨/૨૦૨૧

અશ્વિન એમ.પટેલ,
એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ,
નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમાં,
સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, અમરેલી.


# દિવાલ જાહેરાત

આ હરિફાઈના યુગમાં જરૂરછે જાહેરાત ની...

વિચારવા માં સમય નીકળી જશે...પાછળથી ચાલુકરેલ બિઝનેશ આગળ નીકળીજશે

અમરેલી જીલ્લાના કોઈપણ તાલુકા માં દિવાલ જાહેરાત કરી આપીશુ
૧વર્ષ કલર ની ગેરંટી સાથે.... અને બીજા કરતા ઓછાભાવ થી....

• દિવાલ જાહેરાત • ફલેકસ બેનર •

give your business a new direction...

SINCE-2000
DAFDA PUBLICITY
CONTACT- 9998912600

બે ચાર દિવાલ માટે ફોન કરવો નહિ

ભરતભાઈ અમરેલી
MO. 9998912600
7016925838


**મદદનીશ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૭/૨૧ તા.૧૫/૧૨/૨૦૨૧

**વિવાદી** :-શ્રી મધુભાઈ મોહનભાઈ વઘાસીયા,રે.પ્લોટ વિસ્તાર,ગળકોટડી રોડ
મુ.ચાવંડ,તા.લાઠી,જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,-વ- ત.ક.મ. ચાવંડ
ગ્રામ પંચાયત ચાવંડ,તા.લાઠી, જિ.અમરેલી

## જાહેર નોટીસ

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે.ચાવંડ ગામના રહીશ આ કામના અરજદારશ્રી મધુભાઈ મોહનભાઈ વઘાસીયા જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ ચાવંડ મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૫/૧૦/૨૧થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરક્ત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૩/૦૧/૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી.


આપના સ્વપ્નનાં ઘરનું સરનામું એટલે...

હાસ ઈન્ફ્રાટેક પ્રા.લી. અમરેલી




અદ્યતન બાંધકામ સાથેની સુવિધાઓ...
નીચે માસ્ટર હોલ - કિચન
ઉપર બે બેડરૂમ

ટાઈટલ કલિયર
સબસીડીને પાત્ર,
આપનાં બજેટમાં

હવા ઉજાસવાળા રો-હાઉસ તે પણ આકર્ષક એલીવેશન સાથે...

વધુ માહિતી તથા બુકીંગ માટે સંપર્ક
હિંમતભાઈ સોળીયા દિવ્યેશ ગોજારીયા
૯૯૭૪૭ ૨૯૦૦૭

# વડિયા પંથકની સગીરા સાથે વીરપુર (જલારામ)માં દુષ્કર્મથી ખળભળાટ

બાબરા, તા.૧૭

વડિયા પંથકની સગીરા સાથે અમદાવાદના એક યુવકે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કરી હતી. જે બાદ લગ્ન કરાવવાની લાલચે અપહરણ કરીને ભગાડી ગયો હતો. આ પછી વીરપુર (જલારામ) ખાતે બરવાળા બાવળના યુવકે ગેસ્ટ હાઉસમાં દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે યુવતીના પિતાએ બે અમદાવાદી સહિત કુલ છ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત મુજબ, અમદાવાદના રાહુલ તથા જયદીપ, બરવાળા બાવળ ગામના પ્રિતેશ તથા રૂપેશ અને અન્ય બે મળી કુલ છ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.



અમદાવાદના રાહુલે સગીરા સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કરી હતી. જે બાદ લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે પાંચ દિવસ પહેલા અપહરણ કરી લઈ ગયા હતા. બરવાળા બાવળ ગામના પ્રિતેશ નામના યુવકે સગીરાને વીરપુર (જલારામ) લઈ જઈ ગેસ્ટ હાઉસમાં તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. ઘટનાને પગલે પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

# બાબરામાં જુગારધામ પર રેઈડ કરવા ગયેલી પોલીસની ફરજમાં રૂકાવટ

બાબરા, તા.૧૭

બાબરામાં જુગારધામ પર રેઈડ પાડવા ગયેલી પોલીસને કડવો અનુભવ થયો હતો. ચાર મહિલા સહિત કુલ છ લોકોએ પોલીસને તમે શું કામ અહીં આવ્યા છો ? કોને પૂછીને અમારા ઘરમાં આવ્યા ? તેમ કહી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. આ બનાવ અંગે અમરેલી એલસીબી એએસઆઈ જાવેદભાઈ કાદરભાઈ ચૌહાણએ મુસ્તકીમભાઈ મુસ્તાકભાઈ મેતર, હનીફભાઈ અલારખ ભાઈ મેતર, શબનમબેન મેતર, અમીનાબેન મેતર, ફરીદાબેન મેતર, મુમતાઝબેન મેતર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ બાબરા મુકામે અલારખભાઈ કાસમભાઈ મેતરના રહેણાંક મકાને જુગારની રેઈડ દરમિયાન



આરોપી અલારખભાઈ કાસમભાઈ મેતરના સબંધીઓએ જુગારની રેઈડ દરમિયાન પોલીસની કાર્યવાહી અટકાવી, ''તમે અહીં શું કામ આવ્યા છો? કોને પુછીને અમારા ઘરમાં આવ્યા છો? અમારા ઘરમાં આવવાનું તમને ભારે પડી જશે.'' તેમ કહી જુગાર રમતા ઈસમોને લઈ જતાં પોલીસને અટકાવી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી.

# સાવરકુંડલાના નિવૃત્ત પ્રોફેસરે ગોલ્ડ-સિલ્વર મેડલ મેળવ્યાં



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાના નિવૃત પ્રોફેસરે ગોળાફેંક અને ચક્રફેંક સ્પર્ધામાં ગોલ્ડ અને સિલ્વર મેડલ મેળવી સાવરકુંડલા વિધિ કાણકીયા કોલેજ સહિત શહેરનું ગૌરવ વધાર્યું છે. આ હરિફાઈ બાદ હવે તેઓ સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ કરી એશિયાટિક સ્પર્ધામાં ભાગ લેવા માટે મલેશિયા અથવા જાપાન જશે.

# સા.કુંડલામાંથી કપાસની ચોરી કરનારા ત્રણ ઈસમોને એલસીબીએ ઝડપ્યા

## કપાસ, રોકડા સહિત ૧૪,૪૦૦નો મુદ્દામાલ જપ્ત

અમરેલી, તા.૧૭

સાવરકુંડલાના ચરખડિયા ગામે રહેતા શાંતિભાઈ ભીખાભાઈ માંજુસાએ ગુપ્ત ખોડિયાર મંદિર સામે, હરીબાગ નામની ગીરીશભાઈ હર્ષદભાઈ રાજ્યગુરુની વાડીના મુખ્ય દરવાજા તથા મકાનની ઓસરીની ગ્રીલ તોડી અજાણ્યા ઈસમો ૭૦ મણ કપાસ ચોરી ગયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે અનુસંધાને અંમરેલી એસપીએ કાર્યવાહી કરવા અને વણ ઉકેલાયા ગુનાનો ભેદ ઉકેલવા અમરેલી એલસીબી ટીમને માર્ગદર્શન આપ્યું હતું. જે અનુસંધાને અમરેલી એલસીબીને સાવરકુંડલા-ભુવા રોડ પર ત્રણ ઈસમો કપાસની શંકાસ્પદ ગાંસડીઓ સાથે ઉભા હોવાની બાતમી મળી હતી અને તેમની પૂછપરછ કરતાં કપાસ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી છ મણ કપાસ મળી આવ્યો હતો. પોલીસે નાના લીલીયામાં રહેતા રવિ વિનુભાઈ બલોલીયા તથા આકાશ ઘોહાભાઈ લોઢણીયા અને પુંજાપાદરના રહેવાસી નિલેશ નરેશભાઈ રાઠોડને ઝડપીને કપાસ સહિત ૧૪,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે.કરમટા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી. એન.મોરી તથા એલ.સી.બી. ટીમ દ્વારા કામગારી કરવામાં આવી હતી.

# ભાજપના રાજમાં સરકારી શાળાની હાલત કફોડી : મનીષ ભંડેરી

અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષભાઈ ભંડેરી દ્વારા ભાજપ સરકાર સામે આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું કે, ભાજપના રાજમાં સરકારી શાળાની હાલત કફોડી બની છે. રાજ્યમાં ૩૨ હજારથી વધુ સરકારી પ્રાથમિક શાળાઓ છે, જેમાંથી ૭૦૦થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં માત્રને માત્ર એક જ શિક્ષક દ્વારા શિક્ષણકાર્ય ચાલે છે.



રાજ્યમાં ઘણી ખરી સરકારી સ્કૂલોની બિલ્ડીંગ બિસ્માર તથા ભયજનક છે. ત્યારે સૌ ભણે અને સૌ આગળ વધે ના દાવા માત્રને માત્ર પોકળ સાબિત થયા છે.

# ખેડૂત ખાતેદારના વારસદારને સા.કુંડલા માર્કેટિંગ યાર્ડ દ્વારા રૂ. ૧ લાખનો ચેક

અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામના ખેડૂત ખાતેદાર સ્વ. મનસુખભાઈ રણછોડભાઈ સુહાગીયાનું અકસ્માતે અવસાન થતા સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ દ્વારા તેમના વારસદારને રૂ. ૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. સાવરકુંડલા એ.પી. એમ.સી. દ્વારા લેવામાં આવેલ



જૂથ અકસ્માત વીમા પોલીસી અંતર્ગતની રૂ. ૧ લાખની આ સહાયનો ચેક માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણીના હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

# ધારીમાં બે પક્ષોની સામસામી ફરિયાદ

ધારી, તા.૧૭

ધારીમાં બે પક્ષોએ એકબીજા સામે ગાળો આપીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. રાહુલભાઈ ઉર્ફે રાજેશ પ્રફુલભાઈ ઉર્ફે પપ્પુભાઈ પાટડીયા (ઉ.વ.૨૧)એ કિશોરભાઈ નાનજીભાઈ ગોરૈયા તથા માધાભાઈ કરશનભાઈ ગોરૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ બંને આરોપીએ તેમને કપાળના ભાગે તેમજ ડાબા કાન ઉપર ઈજા કરી હતી. ઉપરાંત લાકડી વડે માર મારી ઢીકાપાટુ માર્યા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બાદ મુકેશભઈ બાલાભાઈ ગોરૈયા (ઉ.વ ૩૨)એ હકુભાઈ દિનેશભાઈ પાટડીયા તથા પ્રવીણભાઈ કાળુભાઈ પાટડીયા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને જેમફાવે તેમ ગાળો આપી આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી.

# જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૬ જુગારીઓ રૂ. ૧ લાખથી વધુની મત્તા સાથે ઝડપાયા

અમરેલી, તા.૧૭

જિલ્લા પોલીસે બે સ્થળેથી ૧૨ જુગારીને ઝડપ્યા હતા. તેમની પાસેથી ૮૦ હજારથી વધુનો મુદ્દામાલ મળી આવ્યો હતો. સાવરકુંડલાના ખડકાળા ગામેથી ભરતભાઈ ખુમાણ, રાજવીરભાઈ ખુમાણ, ભરતભાઈ સાથળા, ભુપતભાઈ વાઘેલા તથા અવકાશભાઈ અધ્ધ્યું જાહેર રસ્તામાં ઈલેક્ટ્રીક પોલના લેમ્પના અજવાળે જાહેરમાં તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતાં ઝડપાયા હતા. પોલીસે તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

જ્યારે ખીજડીયા ગામના પાટીયા પાસે સીમ વિસ્તારમાંથી વિનોદભાઈ સિધ્ધપુરા, સાગરભાઈ પોપટાણી, પ્રવિણભાઈ પટેલ, સતિષભાઈ ગજેરા, સુરેશભાઈ ભડકણ, ભરતભાઈ ધાનાણી ખીજડીયા ગામના પાટીયા પાસે આવેલ મુકેશભાઈ ધાનાણીની વાડી ખેતરના શેઢા પાસે આવેલ નેરડાના પટમાં જુગાર રમતાં ઝડપાયા હતા. જ્યારે એક શખ્સ પોલીસને જોઈ ભાગી ગયો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. કે.બી.ભરાડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૧૮-૧૨-૨૦૨૧, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૮, સૂર્યાસ્ત-૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર : રોહીની

## દૈનિક રાશિફળ

તા. ૧૮-૧૨-૨૦૨૧ શનિવાર

- મેષ(અ.લ.ઈ.)માનસિક શાંતિનો અહેસાસ થશે,આજે ખર્ચનું પ્રમાણ અધિક જણાશે.
- વૃષભ(બ.વ.ઉ.)માનસિક પરેશાની જણાશે,કામમાં વધારે મહેનત કરવી પડશે.
- મિથુન(ક.છ.ઘ.)કરેલોપુરુષાર્થ ફળદાયી બનશે,મોટા માણસોની ઓળખાણથી લાભ થાય.
- કર્ક(ડ.હ.)નવા કામકાજથી લાભ થાય ,નજીકના સબંધીથી સહયોગ મળશે.
- સિંહ(મ.ટ.)કામકાજમાં વ્યવહારુ બનો,ધીરજથી કામની શરુઆત કરવી.
- કન્યા(પ.ઠ.ણ.)કામની સફળતા માટે સંઘર્ષ કરવો પડે,સ્વજનોથી પરેશાની રહેવા સંભવ છે.
- તુલા(ર.ત.)અગત્યના કામને પ્રાધાન્ય આપો,રોજગાર માટે નવી તકો વિચારો.
- વૃશ્ચિક(ન.ય.)કરજમાંથી મુક્તિ અથવા રાહત મળે,શેરબજારમાં સારો લાભ થશે.
- ધન(ભ.ધ.ફ.ઢ.)સંતાન વિષયક તકલીફ જણાય, મહત્વના કામમાં વિલંબ સૂચવાય.
- મકર(ખ.જ.) ધાર્મિક કામકાજમાં રુચિ વધે ,માનસિક બેચેની રહ્યા કરે.
- કુંભ(ગ.શ.ષ.સ.)આવડતના ઉપયોગથી લાભ થાય, આર્થિક બાબતમાં નવી તકો મળે.
- મીન (દ.ચ.ઝ.થ.) માનસિક અશાંતિ અનુભવશો,ધન સંબંધી ચિંતા અનુભવશો.

# રાજુલામાં ગાળો બોલવાની ના પાડતાં ઝપાઝપી થઈ

રાજુલા, તા.૧૭

રાજુલામાં એક વ્યક્તિએ તેના ભાઈને ગાળો બોલવાની ના પાડતાં ઝઘડો થયો હતો આ દરમિયાન ઝપાઝપી થતાં માથાના ભાગે ઈજા થઈ હતી. રાજુલામાં લીલાપીરની ધારે રહેતા વિક્રમભાઈ મગનભાઈ સોલંકી (ઉ.વ.૨૫)એ રાજુભાઈ શંભુભાઈ પરમાર તથા રૂપાભાઈ કમાભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવતા કહ્યું કે તેમના ભાઈ સાથે આરોપીઓ બોલાચાલી કરીને ગાળો આપતા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં તેઓ ઝઘડો કરીને ઝપાઝપી કરવા લાગ્યા હતા. આ દરમિયાન તેઓ નીચે પડી જતાં માથાના ભાગે ઈજા થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ બી.ડી.અમરેલીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લોઠપુર ગામે ફોનમાં ગાળો બોલવા મુદ્દે લોખંડની ટી મારી

જાફરાબાદ, તા.૧૭

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે એક યુવકને ફોનમાં ગાળ બોલવા મુદ્દે ફટકારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે રામજીભાઈ જીવાભાઈ સોલંકી (ઉ.વ.૨૫)એ તેમના જ ગામના દિનેશભાઈ ભુપતભાઈ તથા વિનોદભાઈ ભુપતભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ રામજીભાઈ પોતાના ઘરની બહાર બેઠા હતા ત્યારે આરોપીએ આવીને તેમને કહ્યું કે તું કેમ મને ફોનમાં ગાળો આપતો હતો. જેથી તેમણે મેં ગાળો આપી નથી તેમ કહેતા દિનેશભાઈએ ઉશ્કેરાઈ જઈ તેના હાથમા રહેલ લોંખડની ટી માથાના ભાગે મારી હતી. જ્યારે વિનોદભાઈએ શરીરે મુંઢમાર મારી ગાળો આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ આર. બી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં ત્રણ અમદાવાદી સહિત ૧૪૦ પીધેલી હાલતમાં ઝબ્બે

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં પોલીસની ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ અંતર્ગત વિવિધ સ્થળેથી ૧૪૦ પીધેલા ઝડપાયા હતા. જેમાં ત્રણ અમદાવાદી પણ હતા. પોલીસે ચલાલા, વઢેરા, દુધાળા ચેક પોસ્ટ, બગસરા, મજાદર ગામના પાટીયે, જોલાપર ગામના પાટીયે, ડુંગર, જાફરાબાદ, ટીંબી ચેક પોસ્ટ, લાઠી, તાજપર, સરકારી પીપળવા, મોટી કુકાવાવ, બરવાળા બાવળ, વડિયા, ખાખરિયા, વંડા, થોરડી, મોટા જીંજુડા, વિજપડી, બાઢડા, વાવેરા, રાજુલા, ભેરાઈ, ચિતલ, અમરેલી સહિતની જગ્યાએથી પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ૧૪૦ લોકોને પકડીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી એક મહિલા સહિત ૧૭ લોકો પાસેથી ૫૫ લીટર દેશી દારૂ સહિત ૬૧૨૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.


સરળ હપ્તેથી સોલાર વસાવો... / ગેસ અને લાઈટબીલની ઝંઝટમાંથી મુકિત...




BAJAJ FINSERV
૧૦૦ લીટર થી ૧૦૦૦ લીટર સુધી હાજર સ્ટોકમાં...
Ms ISO 9001 : 2015 CERTIFIED
મેહુલ સેલ્સ & સર્વિસ
પાટીદાર કોમ્પલેક્ષ, નાના બસ સ્ટેશન પાસે, બાબરા.
મો. ૯૯૨૫૯ ૩૩૩૫૯ - ૯૪૨૯૬ ૮૯૧૯૬ ફોન : ૨૩૪૦૪૦



* કાર * બાઈક * ટ્રેક્ટર * ટ્રક * બસ
તમામ વાહન માટે રેડીયલ તેમજ ટ્યુબલેશ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ વ્હીલ-પ્લેટ-ઘરા, જેક-ફીલ્ટર ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
TVS TYRES | YOKOHAMA | CEAT | Veedol | BOSCH | HP | MRF | JK TYRE | MICHELIN | Castrol | TAPARIA
સંજય ટાયર્સ બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક ટોયોટા શોરૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી

તંત્રી સ્થાનેથી

# ભારતના સર્વાંગી વિકાસનું એપી સેન્ટર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વારાણસી પ્રવાસ અનેક પ્રકારની કેડી કંડારતો ગયો. ભોળાનાથ મહાદેવના આ શહેરમાં એક નહિ અનેક પરિણામો સર્જનારા કાર્યક્રમો યોજાઈ ગયા. વિશ્વના તમામ અખબારોને આ બાબતની નોંધ લેવી પડી છે. વિવિધ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલું પ્રવચન અનેક રીતે યાદગાર બની રહ્યું. સદૈવ મહામંદિરના ૯૮માં વાર્ષિકોત્સવને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે બનારસ દેશને નવી દિશા બતાવનારૂ શહેર છે. વડાપ્રધાને વારાણસીની મુલાકાત લીધા બાદ કહ્યું કે વારાણસીથી દેશના વિકાસનો માપદંડ તૈયાર થાય છે. વડાપ્રધાને ઉપસ્થિતોને શિક્ષણ અને જળ સંસાધનોની સ્વચ્છતા માટે સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે પોતાના પ્રવચનને લંબાવતા કહ્યું કે દેશ માટે સુરાજ્ય (સારા શાસન) જેટલું જ સ્વરાજ એટલે કે સ્વશાસનનું મહત્વ છે. તેમણે કહ્યું કે આપણા આત્મનિર્ભર ભારત મિશનની આજે વિશ્વના તમામ દેશોને નોંધ લેવાની ફરજ પડી છે. કોરોનાની મહામારી સમયે ભારતની કામગીરી આજે વિશ્વ વખાણે છે. તેમણે કહ્યું કે કન્યા કેળવણી પણ એ ગુજરાતમાંથી શરૂ થયેલી મહત્વની યોજના છે. જે બાબત હવે સમગ્ર દેશમાં ફેલાઈ રહી છે. વડાપ્રધાને રાજકોટ -૨ ની બેઠક પર પ્રથમવાર મુખ્યમંત્રી બન્યા બાદ ગુજરાત વિધાનસભામાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ સતત તેઓ મણીનગર વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાતા હતા. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તેઓ વડોદરા (ગુજરાત) અને વારાણસી (ઉત્તર પ્રદેશ) માંથી ભારે બહુમતીથી ચૂંટાયા હતા તેમણે વડોદરાની બેઠક ખાલી કરીને બનારસનું પ્રતિનિધિત્વ જાળવી રાખ્યું હતું. ૨૦૧૯માં તેઓ વારાણસીમાંથી ફરી ચૂંટાયા હતા. વારાણસીમાં પોતાનું ખાસ કાર્યાલય બનાવી અદ્યતન રેલવે સુવિધા ઉભી કરાવવા સહિત અનેક સવલતો અપાવી છે. આજે વારાણસીએ માત્ર ઉત્તર પ્રદેશ નહિ પણ સ્માર્ટ ગણાતા ધર્મસ્થળોની યાદીમાં સ્થાન મેળવ્યું છે. કદાચ નરેન્દ્ર મોદી એવા પ્રથમ વડાપ્રધાન હશે જેમણે દેશનો વહિવટ ચલાવવાની સાથે પોતાના મત વિસ્તાર પર પણ આટલું બધુ મહત્વ આપ્યું છે તેમની આ અનોખી સિધ્ધિ છે. હવે આ શહેરના મંચ પરથી તેમણે વારાણસીને દેશના વિકાસ મંચ માટેનો માર્ગ ગણાવ્યો છે. આમ વડાપ્રધાને બીજી ઘણી વાત કરી છે તેમાં સ્વચ્છતાની સાથે બીજા ઘણા પ્રશ્નોનો ઉલ્લેખ કર્યો છે. અત્યારે દેશના વિકાસ માટે જે યજ્ઞ ચાલી રહ્યો છે તેમાં વારાણસીની પણ મહત્વની ભૂમિકા ગણાવી છે.

વડાપ્રધાને ૨૦૧૪ બાદ દેશના વિકાસ વિઝનનો નકશો તૈયાર કર્યો છે. તેની ઘણી મહત્વની વાતો કરી છે.

આથી ઘણા અખબારોએ વાતની નોંધ લેવી પડી છે કે વારાણસી દેશના સર્વાંગી વિકાસનું એપી સેન્ટર બને તે માટેના ઉપયોગી સૂચનો કર્યા છે તેની નોંધ લીધા વગર ચાલી શકે તેમ નથી.

# એક તીર અનેક નિશાન જેવો રાજકીય દાવ

તેજાબી હિન્દુ વક્તા અને કટ્ટરવાદી તરીકે જેની છાપ છે તે ગોરખપુરની ધાર્મિક ગાદીના મહંત યોગી આદિત્યનાથજી સંસદ સભ્ય તરીકે તો લાંબી કારકિર્દી ધરાવે છે પરંતુ ૨૦૧૭ની ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભાજપને તોતીંગ બહુમતી મળી અને તેમને મુખ્યમંત્રી બનવાનો લાભ મળ્યો. તેમની મુખ્યમંત્રી તરીકેની કામગીરી સારી અને વિવાદાસ્પદ બન્ને પ્રકારની રહી છે. તેમના પ્રારંભકાળમાં થોડો સારો સમય રહ્યા બાદ હાથરસ બળાત્કાર હત્યાકાંડ સહિતના બનાવો બન્યા હતા. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથેના તેમના વિવાદો હોવાની વિગતો બહાર આવી હતી. વડાપ્રધાનના માનીતા ગણાતા આઈએએસ અધિકારીને હજી સુધી પ્રધાન મંડળમાં સ્થાન આપ્યું નથી. પ્રધાન મંડળનું વિસ્તરણ પોતાની મરજીથી કર્યું. છેલ્લે વડાપ્રધાન સાથે તો તેમનો મનમેળ થઈ ગયો હતો અને અમિત શાહે વડાપ્રધાનના કહેવાથી યોગી આદિત્યનાથ સાથે સંબંધો સુધારવા તેના વખાણ કર્યા હતા.

આ બધા સંજોગો વચ્ચે થોડા સમય પહેલા લખીમપુર ખીરી ખાતે ચાર ખેડૂતો સહિત આઠ લોકોને કચડી નાખવાનો બનાવ બન્યો હતો. આ બનાવ અંગે લખીમપુર ખીરીના સાંસદ અને ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રા જવાબદાર હોવાનું બહાર આવતા તેની ધરપકડ પણ કરવામાં



આવી હતી. જો કે કિસાન સંગઠનોએ અજય મિશ્રાનું રાજીનામું માંગીને તેમને જેલમાં ધકેલવાની માગણી ચાલુ રાખી હતી. તમામ વિપક્ષો અજય મિશ્રાની સામે મેદાને પડ્યા હતા. તેવે સમયે ભાજપના મોટાભાગના આગેવાનો તે અંગે બયાન આપી રહ્યા હતા જો કે યોગીએ ખેડૂતો અને વિપક્ષોની માગણી મુજબ સમિતિ પણ રચી નાખી. સીટ નામે રચાયેલી આ તપાસનીશ ટીમે તાજેતરમાં પોતાનો અહેવાલ સરકારને સુપ્રત કર્યો છે. આ અહેવાલમાં કેન્દ્રના ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્ર સામે સીધી આંગળી ચીંધવામાં આવી છે. આ કાંઈ જેવી તેવી વાત તો નથી જ હવે તો રાષ્ટ્રીય કક્ષાના વિપક્ષી નેતાઓએ, રાહુલ ગાંધીએ પણ મોરચો માંડ્યો

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

છે. વડાપ્રધાને અજય મિશ્રાને તાત્કાલિક સસ્પેન્ડ કરીને પગલા લઈ ખેડૂતોની માફી માગવા પણ જણાવ્યું છે. ટુંકમાં આ પ્રકરણે ભારે વિવાદ ઉભો કરી દીધો છે.

યોગી આદિત્યનાથે આ વિવાદી પ્રકરણ અંગે પહેલા તો સીટ રચી પછી તેનો અહેવાલ પણ જાહેર કરાવી દીધો અને ફોલોઅપ એકશન અંગે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. યોગીએ હાથરસ બળાત્કાર હત્યા પ્રકરણમાં સીબીઆઈ તપાસનો ઈન્કાર કર્યે રાખ્યો અને અંતે આ તપાસ સીબીઆઈને સોંપવી પડી પરંતુ આમા મુખ્યપ્રધાને પોતે જ પહેલ અને ઉતાવળ બન્ને કરી તેનું રહસ્ય શું ?

આ બાબત વિચાર માંગી લે તેવી છે. અનેક પ્રકરણમાં ઢીલાશ કરનારા આ મુખ્યમંત્રીએ ગોકળ ગાયની ગતિના બદલે જેટ ઝડપે તપાસ કેમ કરાવી ? આ બાબત માત્ર ઉત્તર પ્રદેશ જ નહિ પરંતુ સમગ્ર દેશના રાજકારણમાં ચર્ચાનો વિષય બની છે. ઉત્તર પ્રદેશના ઘણા અખબારોએ આ બનાવની નોંધ લઈને પોતાના અખબારોની કટાર અને તંત્રી લેખમાં ખાસ ઉલ્લેખ કર્યા છે. રાજકીય વિશ્લેષકો સ્પષ્ટપણે માને છે કે આમાં એક તીર અનેક નિશાન જેવો ખેલ આ ગાદીપતિ રાજકારણીએ ખેલ્યો છે.

વડાપ્રધાન મોદી તો આ પ્રશ્ને હજી મૌન છે, એક અક્ષર પણ બોલતા નથી. ભાજપનું મોવડી મંડળ ચૂપ છે કારણ કે અજય મિશ્રા એ ગૃહમંત્રી અમિત શાહના માનીતા નેતા છે. તેથી કોઈ કશું બોલતા નથી. બીજું સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી પોતાની રીતે બ્રહ્મસમાજના સંમેલનો યોજી બ્રહ્મ સમાજને પોતાના તરફ વાળવા માટે કવાયત કરે છે. તેવે સમયે અજય મિશ્રા સામેનું કોઈ પગલું ભાજપની મતબેંક મનાતા બ્રહ્મસમાજને વિમુખ તો નહિં કરી દેને ? તેવો ભય ભાજપના મોવડી મંડળને પણ છે જ.

આ કાંઈ જેવી તેવી વાત તો નથી જ આથી યોગીએ સીટની ત્વરીત નિમણૂક અને સત્વરે તેની પ્રસિધ્ધી કરાવી દઈ અજય મિશ્રા સામે દાવ લઈ લીધો છે. આ બન્ને નેતાઓ વચ્ચે વ્યાપક મતભેદો છે તે નવી વાત નથી. જ્યારે અમીત શાહ સામે દેખિતો વાંધો યોગીને છે જ નહિ પરંતુ ઉત્તર પ્રદેશ ભાજપના આંતરિક રાજકારણમાં યોગી વિરોધી લોબીને પ્રોત્સાહન આપે છે તે વાત પણ તેમને સ્વીકાર્ય નથી. આથી યોગીએ સીટના ખભા પર બંદુક ફોડી અજય મિશ્રા સામેનો પોતાનો જૂનો હિસાબ વસુલ કર્યો છે તો બીજી બાજુ અમિત શાહને પણ આડકતરો આંચકો આપી દીધો છે.

હવે અજય મિશ્રા સામે પ્રધાન મંડળમાંથી બરતરફી કે તેની સમકક્ષ રાજીનામું લઈ લેવા જેવી જ કાર્યવાહી થાય તેનાથી પશ્ચિમ યુપીના ખેડૂતોનો વિશ્વાસ ફરીથી સંપાદિત કરી શકાય તેમ છે જો કે કેવો અને કેટલો વિશ્વાસ સંપાદિત કરી શકાશે તે તો સમય જ કહેશે. પરંતુ અત્યારની સ્થિતિમાં યોગીએ એક વાત પૂરવાર કરી દીધી છે કે પોતે માત્ર ગાદીપતિ નથી પણ રાજકારણના પાવરધા ખેલાડી બની ગયા છે. તે વાત પહેલી વખત પૂરવાર કરી દીધી છે. બીજી બાજુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માત્ર યોગીને ઈચ્છે છે તે જ મુખ્યમંત્રી બને તેવું મંતવ્ય સંઘના નેતાઓએ અનેક વખત વ્યક્ત કરી દીધું છે.

કટ્ટર હિન્દુવાદી તરીકે પોતાની છાપ ધરાવતા યોગી આદિત્યનાથ હવે રાજકારણી પણ બની ગયા છે તેઓ રાજકીય અદાથી દાવ લઈ શકે છે તેનો પુરાવો પૂરો પાડી દીધો છે એક તીર અને અનેક નિશાન જેવી કહાણીને પણ સુપેરે યાદ આપી દીધી છે.

**લખીમપુર ખીરી પ્રકરણનો અહેવાલ પ્રસિધ્ધ કરાવી યોગી આદિત્યનાથે અજય મિશ્રા સામે દાવ લીધો, અમિત શાહને ચૂપ કરી દીધા અને ખેડૂતોને ખુશ કરવાનો પ્રયાસ કર્યો**

# શેરબજારઃ સેન્સેક્સ ૬૫૪ અંક, નિફ્ટી ૧૯૬ અંક ઘટ્યો

**ઈન્ફોસિસ, HCL ટેક, TCS, સન ફાર્માના શેર વધ્યા**




મુંબઈ તા.૧૬

ભારતીય શેરબજારોમાં આજે સપ્તાહના અંતિમ દિવસે ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ ૬૫૪ અંક ઘટી ૫૭૨૪૬ પર કારોબાર કરી રહ્યો છે.

જ્યારે નિફ્ટી ૧૯૬ અંક ઘટી ૧૭૦૫૧ પર કારોબાર કરી રહ્યો છે.

# નિકાસ ઓર્ડરમાં વધારો : ૩૦ અબજ ડોલરને પાર

નવી દિલ્હી,૧૭


નિકાસ ઓર્ડરમાં સતત વૃદ્ધિ નોંધાતાં દેશની મર્ચેન્ડાઈઝ નિકાસો ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૪૦૦ અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે એપ્રિલથી નવેમ્બર દરમિયાન નિકાસો ૫૦.૭૧ ટકા વધી ૨૬૨.૪૬ અબજ ડોલર થઈ હોવાનું જણાવ્યું છે.

ગત વર્ષે સમાનગાળામાં નિકાસો ૧૭૪.૧૫ અબજ ડોલર નોંધાઈ હતી. ગત આઠ માસમાં નિકાસો ૩૦ અબજ ડોલરની સપાટી ક્રોસ કરી ગઈ છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૭૫ | ૧૮૧૦ |
| ઘઉં લોકવન | ૪૦૧ | ૪૩૦ |
| ઘઉં ટુકડા | ૪૧૨ | ૪૭૦ |
| જુવાર સફેદ | ૩૪૬ | ૫૭૫ |
| જુવારપીળી | ૨૭૧ | ૩૪૬ |
| બાજરી | ૨૯૫ | ૪૧૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૩૭ |
| ચણાપીળા | ૭૨૦ | ૯૩૩ |
| અડદ | ૯૦૫ | ૧૪૭૨ |
| મગ | ૧૦૫૦ | ૧૪૮૩ |
| વાલ દેશી | ૮૩૦ | ૧૨૪૬ |
| વાલપાપડી | ૧૫૫૦ | ૧૮૨૧ |
| ચોળી | ૯૫૦ | ૧૩૮૦ |
| મઠ | ૧૪૫૦ | ૧૫૫૦ |
| કળથી | ૭૫૦ | ૯૬૮ |
| સીંગદાણા | ૧૪૭૫ | ૧૫૬૦ |
| મગફળી જાડી | ૯૧૯ | ૧૧૪૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૬૨ |
| તલી | ૧૯૧૮ | ૨૨૫૮ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૧૬ |
| અજમો | ૧૫૬૦ | ૨૨૦૫ |
| સુવા | ૮૪૫ | ૯૯૦ |
| સોયાબીન | ૧૨૨૧ | ૧૩૧૯ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૪૨૫ |
| કાળા તલ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| લસણ | ૨૬૩ | ૫૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૮૧૭ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૮૦૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૦૭૮ |
| રાય | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૨૭૨ |
| ઇસબગુલ | ૧૬૮૦ | ૨૨૩૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૪૭૫ |
| રજકાનુ બી | ૨૫૦૦ | ૩૭૦૦ |
| ગુવારનુ બી | ૧૧૪૦ | ૧૧૬૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૫૦ | ૩૩૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૭૦ |
| ટમેટા | ૪૦૦ | ૫૦૦ |
| સુરણ | ૩૭૦ | ૫૮૦ |
| કોથમરી | ૨૨૦ | ૩૬૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૬૦ |
| કોબીજ | ૨૮૦ | ૪૧૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૭૫૦ | ૯૫૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૫૫૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૩૫૦ |
| દુધી | ૨૭૦ | ૪૫૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૧૫૦ |
| પરવર | ૩૭૦ | ૫૬૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૫૦ |
| વટાણા | ૩૫૦ | ૫૫૦ |
| તુવેરસીંગ | ૨૪૦ | ૪૬૦ |
| ગલકા | ૩૦૦ | ૫૫૦ |
| બીટ | ૨૨૦ | ૩૫૦ |
| મેથી | ૧૮૦ | ૩૨૦ |
| વાલ | ૩૫૦ | ૫૭૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૩૫૦ | ૫૦૦ |
| ચણા લીલા | ૩૦૦ | ૫૨૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૫૦ |
| હળદર લીલી | ૩૫૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૧૩૦ |
| શિંગ મોટી | ૯૨૦ | ૧૧૧૭ |
| શિંગ દાણા | ૯૮૧ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૨૦૧ |
| તલ કાળા | ૧૧૨૦ | ૨૭૦૦ |
| તલ કાશ્મીરી | ૨૦૬૬ | ૨૧૨૦ |
| બાજરો | ૨૭૦ | ૩૪૬ |
| જુવાર | ૨૯૦ | ૪૭૩ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૪૭૯ |
| ઘઉં લોકવન | ૩૮૭ | ૪૨૦ |
| મગ | ૯૭૧ | ૧૫૬૬ |
| અડદ | ૭૪૦ | ૧૨૫૦ |
| ચણા | ૬૭૨ | ૯૬૭ |
| તુવેર | ૭૬૬ | ૧૧૭૨ |
| કપાસ | ૧૧૦૦ | ૧૮૩૨ |
| જીરું | ૧૮૦૦ | ૨૯૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૪૩ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૭૨ |
| ગમગુવાર | ૯૭૦ | ૧૦૬૬ |
| રજકાબીજ | ૪૦૦૦ | ૪૪૨૫ |
| ઈસબગુલ | ૧૦૭૫ | ૧૩૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૭૦૦ | ૯૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીઝ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૪૫૦ | ૫૫૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૪૫૦ | ૫૫૦ |
| ગાજર | ૪૫૦ | ૫૦૦ |
| દુધી | ૪૧૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૭૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણાં | ૬૦૦ | ૭૦૦ |
| ચોળાલીલાં | ૬૦૦ | ૬૯૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વાલ | ૪૫૦ | ૫૦૦ |
| લીલી તુવેર | ૪૫૦ | ૫૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૧૦૦ |
| હળદર લીલી | ૨૦૦ | ૩૨૦ |
| આદુ | ૫૦૦ | ૬૦૦ |
| કોથમીર | ૩૫૦ | ૪૨૦ |
| મેથીભાજી | ૩૫૦ | ૩૫૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| આમળા | ૫૦૦ | ૫૫૦ |
| મકાઇ | ૩૦૦ | ૩૫૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૨૦૦ | ૭૩૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૯૦૦ | ૧૨૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૫૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૧૭ | ૪૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૪૪ |
| અડદ | ૧૨૬૫ | ૧૪૩૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૭૦ |
| ચણા | ૬૯૦ | ૯૬૫ |
| મગફળી-જીણી | ૯૦૦ | ૧૪૦૫ |
| મગફળીજાડી | ૮૦૦ | ૧૦૭૭ |
| એરન્ડા | ૧૦૦૦ | ૧૧૯૬ |
| તલી | ૨૦૯૫ | ૨૨૫૫ |
| તલ કાળા | ૨૦૭૦ | ૨૫૨૦ |
| લસણ | ૧૦૦ | ૩૫૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૭૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૩૦૨૫ |
| અજમો | ૧૫૬૦ | ૩૫૯૦ |
| અજમાનીભુસી | ૨૦ | ૧૯૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૩૫ |
| મરચા સુકા | ૧૧૦૫ | ૩૭૭૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૦૪ | ૫૦૦ |
| ઘઉંએન.પી.ટુકડા | ૪૦૬ | ૫૧૨ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૧૬ |
| મગફળી જીણી | ૮૨૫ | ૧૨૦૧ |
| મગફળી જાડી | ૭૭૦ | ૧૧૭૧ |
| સીંગ ફાડીયા | ૮૯૧ | ૧૩૩૬ |
| એરંડા/એરંડી | ૧૧૩૧ | ૧૧૯૧ |
| તલ-તલી | ૧૫૦૦ | ૨૨૪૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૩૦૫૧ |
| ઇસબગુલ | ૨૩૫૧ | ૨૪૯૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૨૬ |
| ધાણી | ૧૧૫૧ | ૧૬૫૬ |
| મરચાસુકો પટ્ટો | ૩૬૬ | ૩૭૦૧ |
| લસણ સુકુ | ૨૦૧ | ૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૪૨૬ |
| બાજરોએચ.બી. | ૨૩૧ | ૪૨૧ |
| જુવાર | ૩૫૧ | ૫૧૧ |
| મગ | ૯૨૬ | ૧૩૯૧ |
| ચણા | ૭૧૬ | ૯૧૬ |
| વાલ | ૯૦૧ | ૧૭૫૧ |
| અડદ | ૫૫૧ | ૧૫૧૧ |
| ચોળા/ચોળી | ૩૦૦ | ૭૨૬ |
| મઠ | ૧૩૭૧ | ૧૪૫૧ |
| તુવેર | ૯૭૬ | ૧૧૮૧ |
| સોયાબીન | ૧૦૬૧ | ૧૨૮૬ |
| રાય | ૧૫૫૧ | ૧૫૯૧ |
| મેથી | ૧૦૭૬ | ૧૨૯૧ |
| ગોગળી | ૭૯૧ | ૯૪૧ |
| કાળીજીરી | ૧૭૦૧ | ૧૯૫૧ |
| કાંગ | ૪૬૧ | ૫૬૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૧૦ | ૧૮૪૫ |
| કપાસ કોડી | ૧૧૦૦ | ૧૪૨૫ |
| મગફળી | ૯૮૮ | ૧૧૨૨ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૧૯૯૦ |
| તલ કાળા | ૨૦૯૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૧૮૭૫ | ૨૮૭૫ |
| ચણા | ૭૯૦ | ૮૮૦ |
| ધાણા | ૧૦૧૫ | ૧૪૮૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ-મઠડી | ૯૬૦ | ૧૨૬૫ |
| શીંગ - મોટી | ૯૦૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૭૮૦ | ૨૨૩૦ |
| તલ કાળા | ૧૮૫૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૨૩૩૦ | ૩૦૮૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૮૩૦ |
| ગોઘમ લોકવન | ૪૦૫ | ૪૩૯ |
| ગોઘમ ટુકડા | ૪૧૧ | ૪૫૧ |
| બાજરો | ૩૭૦ | ૪૬૭ |
| જુવાર | ૩૮૦ | ૪૩૫ |
| સોયાબીન | ૧૦૭૫ | ૧૨૭૫ |
| અડદ | ૮૨૫ | ૧૧૫૦ |
| ચણા | ૭૫૦ | ૧૦૫૧ |
| મેથી | ૧૨૫૦ | --- |
| ધાણા | ૧૨૭૫ | ૧૪૮૪ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૦૬ |
| ઘઉં | ૩૫૦ | ૪૧૦ |
| ચણા | ૩૫૦ | ૮૯૨ |
| અડદ | ૬૫૦ | ૧૩૯૦ |
| મગફળી | ૮૫૦ | ૧૦૭૧ |
| શિંગ ફાડા | ૧૨૦૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૫૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૭૯૫ |
| કોડી કપાસ | ૧૦૬૪ | ૧૦૯૯ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૫૦ | ૧૭૯૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૪૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૭૦૦ |
| મગફળી | ૯૨૫ | ૧૦૨૫ |
| અડદ | --- | ૧૨૦૫ |
| ચણા | ૬૦૦ | ૮૪૦ |
| છોલે ચણા | --- | ૧૧૫૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| સફેદ તલ | ૧૬૦૦ | ૨૧૨૦ |
| **કોડીનાર** | | |
| મગફળી ન.જીર૦ | ૧૦૦૦ | ૧૨૧૮ |
| બાજરીહાઈબ્રીડ | ૩૦૦ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૩૬૦ | ૪૬૦ |
| અડદ | ૭૦૦ | ૧૫૪૦ |
| ચણા | ૬૦૦ | ૮૨૩ |
| સફેદ તેલ | ૧૬૫૦ | ૨૧૩૫ |
| કાળા તલ | ૧૬૦૦ | ૨૫૨૫ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૩૨૮ |
| કપાસ | ૧૫૫૦ | ૧૭૮૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૩૧ | ૪૦૦ |
| જુવાર | ૩૬૬ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૨૫ |
| મકાઇ | ૩૧૦ | ૩૯૫ |
| મગ | ૧૮૦૦ | ૨૨૦૨ |
| અડદ | ૧૦૮૨ | ૧૧૨૫ |
| શીંગ | ૮૮૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૬૭ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **તળાજા** | | |
| શીંગ મગડી | ૯૯૦ | ૧૨૨૫ |
| શીંગ મગડો | ૧૧૦૦ | ૧૩૧૫ |
| શીંગ જી-૨૦ | ૮૫૦ | ૧૦૯૫ |
| તલ સફેદ | ૧૭૯૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૧૮૨૦ | ૨૫૨૫ |
| ઘઉં ટુકડા | ૩૩૦ | ૪૫૧ |
| બાજરી | ૩૧૪ | ૪૬૭ |
| જુવાર | ૨૮૮ | ૩૩૬ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૬૭૦ | ૮૩૫ |
| સોયાબીન | ૧૨૭૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૨૯૫૦ | ૨૯૫૦ |
| મેથી | ૪૪૦ | ૧૧૬૯ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૮૫૧ |
| શીંગ મગડો ૯ | ૧૧૦૦ | ૧૩૧૫ |
| રાજગરો | ૭૬૫ | ૭૬૫ |
| કાંગ | ૨૯૧ | ૩૫૨ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૧૧૧ | ૧૨૯૧ |
| શીંગ નં.૫ | ૧૦૦૧ | ૧૨૯૭ |
| શીંગ જી-૨૦ | ૮૭૧ | ૧૧૧૯ |
| જુવાર | ૨૮૨ | ૩૧૪ |
| બાજરી | ૩૧૩ | ૪૭૨ |
| ઘઉં ટુકડા | ૩૩૪ | ૪૯૭ |
| અડદ | ૮૭૮ | ૧૧૩૦ |
| દેશી મગ | ૧૭૦૦ | ૨૪૨૦ |
| ચણા | ૫૭૧ | ૯૮૯ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૧૨૦૩ | ૧૨૦૩ |
| જીરૂ | ૨૨૭૨ | ૨૨૭૨ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૦૨ |
| ડુંગળી સફેદ | ૧૩૩ | ૫૦૦ |
| કપાસ | ૬૦૦ | ૧૭૬૦ |
| નાળીયેર | ૩૬૩ | ૧૯૪૯ |

## શબ્દ સંજોગ-૧૨૪૪



**આડી ચાવી :**
(૧)ત્રણ નેત્રવાળા શિવ(૩)
(૪)ડાબુ,સુંદર(૨)
(૬)બહેનપણી,સહેલી(૨)
(૭)એક દેવર્ષિ(૩)
(૯)નમૂનો,નવાઈની ચીજ(૩)
(૧૦)નિર્દય(૨)
(૧૧)ઘોડાની એકધારા વેગવાળી એક પ્રકારની ચાલ(૩)
(૧૩)રોગના જંતુઓની બનાવેલી દવા(૨)
(૧૫)સર્વ,સૌ(૨)
(૧૯)અંધવિશ્વાસુ લોકો....માં બહુ શ્રધ્ધા રાખે છે.(૪)
(૨૨)શોકથી પીડિત(૪)
(૨૪)સાપની કાંચળી(૨)
(૨૫)બે પક્ષ વચ્ચેનો લાંબો પત્ર વ્યવહાર(૩)
(૨૭)એક મીઠાઈ(૨)
(૨૮)લોહીનું ફરવું બંધ પડી જવાથી અંગ ઝણઝણે તે(૨)
(૨૯)'સાકર'થઈ આડી-અવળી(૩)
(૩૧)લાકડી પર ચીંથરા વીંટેલો સળગાવવાનો કાકડો(૩)
(૩૨)પાવતી,પહોંચ(૩)

**ઉભી ચાવી :**
(૨)કાશીનગરી આ નામે પણ ઓળખાય છે(૪)
(૩)વેરો,કિરણ,હાથ(૨)
(૫)મોળું,નરમ(૩)
(૬)કાયદા પ્રમાણે કાચી ઉમરનું(૩)
(૮)બારણું,ભાર(૨)
(૧૨)મુદત,અવધિ(૩)
(૧૪)રાંધવા જેટલું કાચું અનાજ વગેરે સામગ્રી(૨)
(૧૬)એક રમત(૪)
(૧૭)શ્રી કૃષ્ણની પરમ અનુરાગિણી(૨)
(૧૮)તમે થોડી ચા..?(૨)
(૨૦)ઢગલો,ગણિતનો આંકડો(૨)
(૨૧)એક કંદ(૩)
(૨૩)લક્ષ્મી,સુંદર સ્ત્રી(૨)
(૨૬)આંબો(૩)
(૨૭)ચાલવામાં પગનું કોઈ વસ્તુ સાથે ટીચાવું તે(૩)
(૨૮)પડતર રાખેલું ખેતર(૨)
(૩૦)પેટનો ઝૂલતો ભાગ(૨)

## શબ્દ સંજોગ-૧૨૪૩ જવાબ


**આડી ચાવી :**(૧) ગોરાંદે (૩) અમૃતસર (૭) રામણ (૮) મરણ (૯) પાણી (૧૦) સાસણ (૧૧) શ્વાન (૧૨) વેર (૧૩) ભૂમિ (૧૪) ખમણ (૧૫) સગો (૧૬) ખર (૧૮) વળકો (૨૦) પસન(સપન) (૨૨) તલવાર (૨૩) તરજ (૨૫) રળતર.

**ઉભી ચાવી :** (૧) ગોવા (૨) દેરાણી (૩) અણસાર (૪) તમણ (૫) સર (૬) રણભૂમિ (૯) પાનખર (૧૨) વેણ (૧૩) ભૂગોળ (૧૫) સવલત (૧૬) ખડતલ (૧૭) મૂન (૧૯) કોબીજ (૨૦) પવાર (૨૧) સરળ (૨૪) રત્ન.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સરધારમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી થ્રી સ્ટાર હોસ્ટેલનુ કરાયું ભૂમિપૂજન

રાજકોટ,તા.૧૭



સરધાર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના સાતમા દિવસે ૨૦૦૦ વિદ્યાર્થીઓ વિનામૂલ્યે રહી શકે તેવી ભવ્ય થ્રી સ્ટાર હોસ્ટેલનું ભૂમિપૂજન મહોત્સવના અધ્યક્ષ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા પ્રેરક સ્વામી નિત્યસ્વરૂપ સ્વામીજીના હસ્તે કરવામાં આવ્યુ હતુ. સરધાર મંદિરમાં નિર્માણ થનાર આ હોસ્ટેલ માં ૨૦૦૦થી ઉપરાંત વિદ્યાર્થીઓ રહી શકે તે માટે થ્રી સ્ટાર સુવિધાઓ થશે જેવી કે ત્રણ ટાઈમ જમવાની સુવિધા, લોન્ડરી, કમ્પ્યુટર લેબ, લાઈબ્રેરી, જિમ જેવી અત્યાધુનિક સુવિધાઓ ઉપરાંત મંદિરની નિશ્રામાં સંતોનો સમાગમ તેમજ સંસ્કારનું સિંચન થશે. હાલમાં સરધાર મંદિરમાં ૧૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ હોસ્ટેલ સુવિધાનો લાભ વિનામૂલ્યે લઈ રહ્યા છે અને હવે સ્વામીજીના દૃઢ સંકલ્પ અને માર્ગદર્શન અનુસાર આ સમાજ કલ્યાણલક્ષી સુવિધાનો લાભ વધુને વધુ લોકો લઈ શકે અને શિક્ષણ ક્ષેત્રમાં આગળ વધી શકે એ હેતુથી ૨૦૦૦ વિદ્યાર્થીઓ રહી શકે તેવી હોસ્ટેલનું નિર્માણ થવા જઈ રહ્યુ છે.

# દેલવાડા પાસે કુરિયરની આડમાં લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો


જૂનાગઢ,તા.૧૭



દીવમાંથી ગીર સોમનાથ જિલ્લામાં દારૂ ઘુસાડવાનો નવો કિમીયો બહાર આવ્યો છે. જેમાં કુરીયરમાં કામ કરતો એક યુવાન તેના થેલામાં દીવ-ઘોઘલા તરફથી દારૂ લઈ ઉના તરફ આવતો હોવાની પોલીસને બાતમી મળી હતી. જેથી પોલીસકર્મીઓ ઉના-દીવ રોડ પર દેલવાડા ગામની ચોકડી પાસે વોચમાં બેઠા હતા. ત્યારે બપોરના અઢી વાગ્યે દિપક સોંદરવા (રહે.મોઠા-તા.ઉના) સ્પલેન્ડર બાઈકમાં થેલા સાથે પસાર થઈ રહેલ હતો. જેને શંકાના આધારે પોલીસે રોકાવી તેની પાસે રહેલ કુરીયરનો થેલો તપાસતા તેમાં રહેલ ખાખી કલરના સીલ પેક બોકસ જોવા મળેલ હતા. જે તમામ ખોલવામાં આવતા તેમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૫૦ થી વધુ બોટલોનો જથ્થો મળી આવેલ હતો. જેથી દારૂનો જથ્થો જપ્ત કરી પોલીસે ગુનો નોંધી દિપક સોંદરવાની અટક કરી પુછપરછ કરતા તે એમેઝોન કુરીયરમાં નોકરી કરતો હોવાનું પોલીસને જાણવા મળેલ હતુ.

# સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં લાંચ લેતો ખાનગી વ્યક્તિ ઝડપાયો

સુરત,તા.૧૭



સુરતના પુણા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં એક્સેસ ટુ વ્હીલર તથા મોબાઈલ ફોન છોડાવવા એલ.આર.પો. કો. હાર્દિકભાઈ જેરામભાઈના નામે રૂપિયા ૩ હજારની લાંચ લેતા એક ખાનગી વ્યક્તિને એસીબીએ ઝડપી પાડી તપાસ હાથ ધરી છે. એટલું જ નહીં પણ પોલીસે લાંચમાં લીધેલી રકમ પણ રિકવર કરી છે. ઝડપાયેલા ઈસમે ૧૦ હજારની માંગ કરી ૩ હજારમાં પતાવટ કરી લાંચ લેતા ઝડપાયો હોવાનું એસીબીએ જણાવ્યું છે ફરીયાદીભાઈએ મનોજ તિવારીનો સંપર્ક કર્યો હતો. જેને લઈ મનોજ તિવારીએ એલ.આર.પો. કો. હાર્દિકભાઈ જેરામભાઈના નામે રૂપિયા ૧૦ હજારની માંગણી કરી હતી. પછી રૂપિયા ૩૦૦૦માં પતાવટ કરી હતી. ફરીયાદીએ એસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપતા છટકું ગોઠવી મનોજ તિવારીને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપીને એસીબીએ ડીટેઈન કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાહનો છોડાવી જવા અમરેલી સીટી પોલીસ દ્વારા અપીલ

અમરેલી, તા. ૧૭

અમરેલી સીટી પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલા ૬૩ વાહનોને આગામી ૧૦ દિવસમાં છોડાવી જવા અખબારી યાદીથી અપીલ કરવામાં આવી છે.

અમરેલી સીટી પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, સીટી પોલીસ સ્ટેશન ખાતે વારસી અથવા બિનવારસી હાલતમાં રાખવામાં આવેલા ૬૩ ટુ-વ્હીલ વાહનોને છોડાવવા માટે કોઈ આવેલ ન હોય, જેથી આ વાહનોની કાર્યક્ષમતામાં દિવસે દિવસે ઘટાડો થતો હોવાના કારણે આ વાહનોની જાહેર હરરાજી કરવી યોગ્ય જણાય છે.

ત્યારે આ ૬૩ ટૂ-વ્હીલ પૈકી જે વાહન જેમનું હોય તે વાહન માલિક, વાહન ચાલક અથવા વીમા કંપનીને આગામી ૧૦ દિવસમાં વાહન છોડાવી જવા જણાવવામાં આવે છે.

# વિસાવદર પહોંચેલી મીટરગેજનું આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત

વિસાવદર, તા.૧૭



જૂનાગઢ-અમરેલી-ગીર સોમનાથ સહિત ત્રણ જિલ્લા અને અઢાર તાલુકા માટે આશીર્વાદ સમાન રેલ્વેનો પ્રશ્ન હલ થયો છે. વિસાવદરને જોડતી તમામ મીટરગેજ ટ્રેનો આખરે રેલ્વે તંત્રએ લોકલાગણીને ધ્યાને લઈ ચાલું કરી દેતા વિસાવદર રેલ્વે સ્ટેશન પર આવી પહોંચેલ ટ્રેનનુ ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. વિસાવદર રેલ્વે સ્ટેશન પર આવી પહોંચેલ વેરાવળ-ખીજડીયા ટ્રેનનું તથા ગાર્ડોનુ ધારાસભ્ય હર્ષદભાઈ રિબડીયા સહિત રાજકિય, સામાજિક આગેવાનો તેમજ ગ્રામજનોએ ટ્રેન-ગાર્ડને પુષ્પમાળા પહેરાવી-મોં મીઠા કરાવી ભવ્ય સ્વાગત કર્યુ હતુ.

# શાપર-વેરાવળમાં હત્યા થયેલ યુવાન જીવિત હોવાથી પોલીસ ગોથે ચડી

રાજકોટ,તા.૧૭



શાપર-વેરાવળમાં ગઈકાલે અજાણ્યા યુવાનની હત્યા કરાયેલી હાલતમાં મૃતદેહ મળ્યા બાદ શાપરમાં કામ કરતા શ્રમિકોએ આ મૃતદેહ આસામના રૂપમ શૈલેન્દ્રદાસની હોવાનું જણાવતા પોલીસે આસામ સ્થિત તેના પરિવારજનોને જાણ કરી શાપર બોલાવ્યા હતા. આજે આસામ સ્થિત પરિવારજનોએ આ મૃતદેહ તેના પુત્ર રૂપમનો નહીં હોવાની કેફીયત આપતા પોલીસ ચોંકી ઉઠી હતી. એટલુ જ નહીં પોલીસે વધુ તપાસ કરતા રૂપમ શૈલેન્દ્રદાસ જીવિત હોવાનું અને તે હાલમાં અરૂણાચલ હોવાનું ખુલ્યું હતું. આથી શાપર પોલીસ પણ ગોથે ચડી છે. પોલીસ અને તેના પરિવારજનોએ રૂપમ સાથે વીડિયો કોલથી વાત પણ કરી હતી. જોકે ગઈકાલે રૂપમનો મોબાઈલ બંધ આવતો હોય અને છેલ્લા બે વર્ષથી રૂપમે તેના પરિવારજનો સાથે ફોનમાં વાતચીત કરી ન હોય અને શાપર સ્થિત આસામના શ્રમિકોએ હત્યાનો ભોગ બનનાર રૂપમ હોવાની કેફિયત આપી હતી. દરમિયાન પીએસઆઈ તથા સ્ટાફે હત્યાનો ભોગ બનનાર અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા વિવિધ દિશામાં તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

# જામનગરના ખીમલીયા ગામે યુવાનની નિર્મમ હત્યા : ચૂસ્ત પોલીસ બંદોબસ્ત

જામનગર,તા.૧૭



જામનગર તાલુકાના ખીમલીયા ગામના સીમ વિસ્તારમાં રહેતા મહેશભાઈ કાનજીભાઈ વાઘોણા (ઉ.વ ૩૩) નામના યુવાન ઉપર ગુરૂવારે મોડીરાત્રિના સમયે અજાણ્યા શખ્સો દ્વારા બોથડ પદાર્થ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા લોહીલુહાણ હાલતમાં ઢળી પડેલા યુવાનનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. હત્યા નિપજાવ્યા બાદ હુમલાખોરો નાસી ગયા હતા. આ ઘટના અંગે તાત્કાલિક પંચકોશી બી ડીવીજન પોલીસને જાણ કરાતા ડીવાયએસપી કૃણાલ દેસાઈ, પીએસઆઈ સી.એમ. કાંટેલિયા તથા સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યાં લોહીના ખાબોચિયામાં હત્યા નિપજાવેલ યુવાનના મૃતદેહનો કબજો સંભાળી જામનગર જી.જી.હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસના પ્રાથમિક તારણમાં જુના મનદુઃખમાં ગામના જ અમુક શખ્સોએ યુવાનની હત્યા નિપજાવી છે. હત્યાથી ગામમાં ફેલાયેલ તંગદિલી વધુ તંગ ન બને તે માટે ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ૩ હજાર મીટરની દોડની સ્પર્ધામાં ઉમેજનો વિદ્યાર્થી દ્વિતિય સ્થાને

ઉના, તા. ૧૭



રાજકોટ ખાતે યોજાયેલી ઓપન એથ્લેટીક દોડની સ્પર્ધામાં ઉના તાલુકાના ઉમેજ ગામનો વિદ્યાર્થી દ્વિતિય સ્થાને આવ્યો છે. ઉમેજમાં રહેતા ચિરાગસિંહ હમીરભા ગોહીલે આ દોડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં બીજા ક્રમે આવતા મનસુખભાઈ ગોહીલ, હામભા વાળાએ તેને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. ચિરાગસિંહે આ સિધ્ધી પ્રાપ્તકરી પરિવાર સહિત ઉમેજ ગામનું નામ રોશન કર્યુ છે.


# રાજકોટમાં ટેક્સ રિક્વરી સેલ દ્વારા કડક કાર્યવાહી : અનેક મિલકતો કરાઈ સીલ

રાજકોટ,તા.૧૭



રાજકોટ શહેરના વોર્ડ નં.૪ના મોરબી રોડ પર મારૂતિનંદન પાર્કમાં બે કોમર્શિયલ મિલકતો સીલ કરવામાં આવી હતી. જ્યારે વોર્ડ નં.૭માં જીમ્મી ટાવરમાં કુલ ૧૦ મિલકતો સીલ કરી દેવામાં આવી હતી. વોર્ડ નં.૧૨માં સહજાનંદ મારબલ પાસેથી રૂા.૪.૫૮ લાખનો વેરો વસૂલ કરવા માટે મિલકત સીલ કરી દેવામાં આવી હતી. વાવડી વિસ્તારમાં ૪ ઈન્ડસ્ટ્રીયલમાં લેણાં પેટે બાકી નિકળતી રૂા.૮.૧૯ લાખની રકમ વસૂલ કરવા મિલકતો સીલ કરી દેવામાં આવી હતી.વોર્ડ નં.૧૩માં ૧૫૦ ફૂટ રીંગરોડ પર આર.કે.પ્લોટમાં રૂા.૧૦.૪૬ લાખ વસૂલવા ત્રણ યુનિટ સીલ કરાયા, વોર્ડ નં.૧૪માં મનશાતીર્થ એપાર્ટમેન્ટમાં રૂા.૪.૨૬ લાખનો બાકી વેરો વસૂલવા બે દુકાનો સીલ કરાઈ છે. રાજકોટ ટેક્સ રિક્વરી સેલ દ્વારા કડક કાર્યવાહી કરાતા બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

# જામનગરના ત્રણ ઓમિક્રોન દર્દીઓ સાજા થતા રાહત



જામનગર,તા.૧૭

ઓમિક્રોનની દહેશત વચ્ચે જામનગર અને ગુજરાત માટે રાહતના સમાચાર આવ્યા છે. રાજ્યમાં ઓમિક્રોનનો નોંધાયેલો પ્રથમ દર્દી ૧૬ દિવસે સ્વસ્થ થતા આજે તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ ઉપરાંત દર્દીના બે સંબંધીઓ પણ સ્વસ્થ થઈ જતા તેઓને પણ રજા આપવામા આવી છે. ઓમિક્રોન વેરિયન્ટથી સંક્રમિત સુરતના એક દર્દી બાદ જામનગરના ત્રણ દર્દીઓ પણ સ્વસ્થ થતા રાજ્યમાં હવે ઓમિક્રોન વેરિયન્ટથી સંક્રમિત દર્દીના એક્ટિવ કેસની સંખ્યા ૧ રહી છે.

# ગ્રા.પં.ની ચૂંટણીને અનુલક્ષી ગોંડલ તાલુકા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ

ગોંડલ, તા.૧૭



આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગોંડલ તાલુકાની ૫૮ ગ્રામ પંચાયતોમાં મોવિયા, હડમતાળા(કોલીથાડ), નાગળકા, અનિડા, ભાલોડી અને મોટા ઉમવાડા સહિત ૫ ગ્રામ પંચાયતોને સંવેદનશીલ જાહેર કરવામાં આવી છે. ત્યારે ગોંડલ તાલુકા પોલીસ દ્વારા ચૂંટણીને લઈને ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગોંડલ તાલુકા પીએસઆઈ એમ. જે. પરમાર, ડી.પી.ઝાલા, મહિલા પીએસઆઈ સહિતના પોલીસ કાફલા દ્વારા સડક પીપળીયા, વાછરા તેમજ રૂપાવટી ગામમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# ગોંડલ-જેતપુર નેશનલ હાઈ-વે પર ખાનગી બસ પલટી જતા ૧૫ને ઈજા

ગોંડલ, તા. ૧૭


તસવીર : દેવાંગ ભોજાણી

ગોંડલ-જેતપુર નેશનલ હાઈ-વે પર ખાનગી બસ પલટી મારી જતા ૧૫ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. ૧૦૮ દ્વારા તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચરખડીના પાટિયા પાસે આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા. સીટીરાઈડ બસ પલટી મારી ગઈ હતી. જેમાં સવાર ૧૫ જેટલા લોકો ઘવાયા હતા. જેમાં ૬ જેટલા મુસાફરોને ગંભીર ઈજા થતા વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**સંકુલ BA કોલેજ - સેમ.-૫ પરિણામ**

**સૌ. યુનિ. નું પરિણામ ૪૩% - જ્યારે સંકુલનું ૬૯%**

★ શૈ.વર્ષ ૨૦-૨૧ ઈંગ્લીશ મિડીયમ B.A. Sem.-V સૌ. યુનિ. નું પરિણામ 43% જ્યારે સંકુલનું પરિણામ 69%

સંકુલ ટોપ ફાઈવ ★ ચોચા નિખીતા-69.71% ★ અજમેરી નાઝમીન-68.57% ★ કુમારી હેમા-67.29% ★ મેઘાણી રોનક-64.86% ★ બેરા દિપ્તી-63.29%



શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલીત ★ શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટસ મહિલા કોલેજ (EM) ★ સ્થળ : શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી - Ad 142

# કેપ્ટન અમરિંદરે ભાજપ સાથે ચૂંટણી ગઠબંધનની કરી સત્તાવાર જાહેરાત

## પંજાબની પીચ પર હવે 'કેપ્ટન' ઈનિંગ રમવા ઉતરશે મેદાનમાં



ચંદીગઢ, તા. ૧૭

પંજાબ લોક કોંગ્રેસ પાર્ટીના વડા અને પૂર્વ સીએમ કેપ્ટન અમરિંદર સિંહે સત્તાવાર રીતે ભાજપ સાથે ચૂંટણી ગઠબંધનની જાહેરાત કરી છે. કેપ્ટને કહ્યું કે આજે પંજાબ બીજેપી પ્રભારી ગજેન્દ્ર સિંહ શેખાવત સાથે સીટોની વહેંચણીને લઈને ચર્ચા થઈ હતી અને સીટો નક્કી કરવામાં આવી હતી. ગજેન્દ્ર સિંહ સાથે મુલાકાત બાદ કેપ્ટન અમરિંદર સિહે જણાવ્યું હતું કે, પંજાબમાં અમે જ જીતીશું.આમ તાજેતરમાં ગૃહમંત્રી અમિત શાહનો પંજાબ માટે કરેલો સૌથી મોટો દાવ સફળ થયો છે. મહત્વનું છે કે, ભારતીય જનતા પાર્ટી અને પંજાબ લોક કોંગ્રેસ પાર્ટીના ગઠબંધનને અંતિમ સ્વરૂપ આપવા માટે પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ ગત રોજ દિલ્હી પહોંચ્યા હતા. શેખાવતને મળ્યા બાદ તેઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરે તેવી શક્યતા છે.

# વડાપ્રધાન મોદીનું ભૂતાન દ્વારા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર વડે કરાયું સન્માન

## ભૂતાને મિત્રતા-આંતરિક સહયોગ માટે પુરસ્કાર આપ્યો



નવી દિલ્હી, તા.૧૭

ફરી એક વખત વિદેશમાં ભારતનો ડંકો વાગ્યો છે. ભૂતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પોતાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર વડે સન્માન કર્યું છે. ભૂતાનના વડાપ્રધાને ટ્વિટરના માધ્યમથી આ અંગેની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન મોદીને ભૂતાનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર નગાડગ પેલ ગી ખોરલો વડે સન્માનિત કરવામાં આવ્યા છે.

ભૂતાને મિત્રતા અને આંતરિક સહયોગ માટે વડાપ્રધાન મોદીને આ પુરસ્કાર આપ્યો છે. ભૂતાન સરકારે જણાવ્યું કે, મહામારી દરમિયાન વડાપ્રધાન મોદીએ સહયોગ આપ્યો. ભૂતાને જણાવ્યું કે, તેમને હંમેશા એક મહાન અને આધ્યાત્મિક મનુષ્ય તરીકે જોયા છે. ભૂતાને વડાપ્રધાન મોદીને તેમના દેશ પધારવા માટેનું આમંત્રણ પણ આપ્યું છે. અગાઉ પણ યુએઈ, માલદીવ્સ અને રશિયા જેવા દેશે તેમને સન્માનિત કર્યા છે.

# ૨૦૨૦ના વર્ષમાં વૈશ્વિક દેવાનો આંક વધી ૧૭૨૨૧ લાખ કરોડ

## વૈશ્વિક દેવુ બીજા વિશ્વ યુધ્ધ બાદ સૌથી મોટું




મુંબઈ , તા.૧૭

૨૦૨૦માં વૈશ્વિક દેવાનો આંક વધીને ૨૨૬ ટ્રિલિયન ડોલર (અંદાજે રૂ. ૧૭૨૨૧ લાખ કરોડ) પર પહોંચી ગયાનું ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ) દ્વારા જાહેર કરાયું હતું. સમગ્ર વિશ્વ ૨૦૨૦માં કોરોના વાયરસની મહામારીની ચપેટમાં આવી ગયું હતું.

ગયા કેલેન્ડર વર્ષમાં વૈશ્વિક દેવું ૨૮ ટકા વધી વૈશ્વિક જીડીપીના ૨૫૬ ટકા રહ્યું હતું. બીજા વિશ્વ યુદ્ધ બાદ વૈશ્વિક દેવામાં આટલો મોટો વધારો પહેલી વખત જોવા મળ્યો છે, એમ આઈએમએફના રાજકોષિય બાબતોના વિભાગના ડાયરેકટર વિટર ગાસ્પરે એક બ્લોગમાં જણાવ્યું હતું. વિકસિત દેશોમાં દેવાના પ્રમાણમાં જોરદાર વધારો થયો છે. વિકસિત દેશોમાં જાહેર દેવાની માત્રા ૨૦૦૭માં જે જીડીપીના ૭૦ ટકા આસપાસ હતી તે ૨૦૨૦માં વધીને ૧૨૪ ટકા પર પહોંચી ગઈ છે.

# સરકારના ઘણા નિર્ણય ખોટા હોઈ શકે, ઈરાદા નહીં : શાહ

નવી દિલ્હી, તા.૧૭



ભારતના ગૃહમંત્રી અને ભાજપના ટોચના નેતા અમિત શાહે કહ્યુ છે કે, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે લીધેલા કેટલાક નિર્ણયો ખોટા સાબિત થયા હોય તેવુ બન્યુ હોઈ શકે છે પણ અમારો ઈરાદો ક્યારેય ખોટો રહ્યો નથી.

ફિક્કીના કાર્યક્રમમાં અમિત શાહે કહ્યુ હતુ કે, સરકારની ટીકા કરનારાઓ પણ જોઈ રહ્યા છે કે, સરકારમાં કેટલા બદલાવ થયા છે.કોરોના સમયે સરકારે ઘણી યોજનાઓ લાગુ કરી હતી.જેના પરિણામો આગામી સમયમાં જોવા મળશે.દેશ ઝડપથી આગળ વધશે. ભારતની ઈકોનોમી દુનિયામાં સૌથી ઝડપથી વિકસતી ઈકોનોમી બનવા જઈ રહી છે.ભારતનો ગ્રોથ રેટ ડબલ ડિજિટમાં પહોંચે તો મને આશ્ચર્ય નહીં થાય.

# ઈસ્લામિક સ્ટેટમાં ભારતીય મૂળના ૬૬ આતંકીઓ સામેલ

## અમેરિકાના રિપોર્ટમાં ઘટસ્ફોટ



નવીદિલ્હી,તા.૧૭

આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટમાં ભારતીય મૂળના ૬૬ લોકો સામેલ હોવાનો ઘટસ્ફોટ અમેરિકાના એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયના આ રિપોર્ટને જાહેર કરતા વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કને કહ્યુ હતુ કે, ભારત દ્વારા યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલ દ્વારા હવાઈ મુસાફરી સુરક્ષિત બનાવવા માટે એરપોર્ટ પર ડ્યુઅલ એક્સરે સિસ્ટમ માટે જે પ્રસ્તાવ મુકાયો છે તેમાં સહયોગ કરી રહ્યુ છે.

અમેરિકાના રિપોર્ટમાં કહેવાયુ છે કે, ભારતીય મૂળના ૬૬ લોકો ઈસ્લામિક સ્ટેટમાં જોડાયા છે.આ પૈકી કોઈ આતંકી ૨૦૨૦ દરમિયાન ભારત પાછુ ફર્યુ નથી. અમેરિકા અને ભારત વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી ચાલુ રહેશે. આ રિપોર્ટમાં ભારતની એન્ટી ટેરરિસ્ટ એજન્સીઓ દ્વારા આતંકી સંગઠનોની ઓળખ કરવા માટે જે ભૂમિકા ભજવવામાં આવી છે તેના પણ વખાણ કરવામાં આવ્યા છે.

# પત્રકારો સાથે વાતચીતમાં સિધ્ધુથી નીકળી ગઈ ગાળ

અમૃતસર, તા.૧૭


પંજાબ કોંગ્રેસ અધ્યક્ષ નવજોત સિધ્ધુ અને વિવાદ હવે એક બીજાના પર્યાય બની ગયા છે.સિધ્ધુએ હવે પત્રકારોની હાજરીમાં જ ગાળ બોલીને વિવાદ સર્જયો છે.સિધ્ધુ પત્રકારો સાથે રાજ્ય સરકાર દ્વારા વિતરણ કરવામાં આવી રહેલા લેબર કાર્ડ અંગે વાતચીત કરી રહ્યા હતા અને તે દરમિયાન તેમની જીભ લપસી હતી અને તેમના મોઢામાંથી અપશબ્દ નીકળી ગયો હતો.

આ વીડિયો પણ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.સિધ્ધુએ મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યુ હતુ કે, રાજ્યમાં જો કોંગ્રેસની વાપસી થશે તો શહેરી મજૂરોને રોજગારની ગેરંટી આપવામાં આવશે. આ દરમિયાન એક સવાલનો જવાબ આપતા આપતા નવજોત સિધ્ધુએ કહ્યુ હતુ કે, અમારી સ્કીમ અર્બન ગેરંટીને લગતી છે અને આજ સુધી આવી ગેરંટી કોઈએ આપી છે..એ પછી સિધ્ધુ ગાળ બોલે છે અને આગળ વાત કરતા કરતા હસવા માંડે છે.

જેકલીનના બોયફ્રેન્ડનું વધુ એક કૌભાંડ

# રેનબેક્સીના પ્રમોટર સાથે સુકેશે કરી કરોડોની ઠગાઈ

મુંબઈ, તા.૧૭



કરોડો રૂપિયાના મની લોન્ડ્રિંગ કેસમાં ફસાયેલા અને બોલિવુડ અભિનેત્રી જૈકલીન ફર્નાંડિસના કથિત બોયફ્રેન્ડ સુકેશ ચંદ્રશેખરનો વધુ એક કાંડ સામે આવ્યો છે. તેના પર રેનબેક્સીના પૂર્વ પ્રમોટર શિવિંદર સિંહની પત્ની પાસેથી ૨૦૦ કરોડ રૂપિયાની ઠગાઈ કરવાનો આરોપ છે. ઈડીની ચાર્જશીટમાં સામેલ એક ઓડિયો રેકોર્ડિંગ દ્વારા આ મામલો સામે આવ્યો છે. સુકેશ હાલ જેલમાં બંધ છે.

આરોપ પ્રમાણે સુકેશે હોમ સેક્રેટરી બનીને શિવિંદર સિંહની પત્ની અદિતિ સિંહને ફસાવી અને તેને જેલમાંથી જ ફોન કરીને ૨૦૦ કરોડની ઠગાઈ કરી. શિવિંદર પણ છેતરપિંડીના એક કેસમાં ૨૦૧૭ના વર્ષથી તિહાડ જેલમાં બંધ છે.

સુકેશે શિવિંદર સિંહની પત્ની અદિતિ સિંહને ફોન કર્યો હતો અને પોતે હોમ સેક્રેટરી અજય ભલ્લા બોલે છે તેમ કહ્યું હતું. તેણે પોતે ગૃહમંત્રી અમિત શાહ સુધી પહોંચ ધરાવે છે અને તે જ શિવિંદરને જેલમાંથી કાઢી શકે છે તેમ કહ્યું હતું. જોકે આ માટે તેણે પાર્ટી ફંડમાં ફાળા તરીકે ૨૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા કહ્યું હતું. તેની વાતોમાં આવીને અદિતિ સિંહે ૨૦૦ કરોડ રૂપિયા આપી દીધા હતા. સુકેશે જેલમાં રહીને જ આ કાંડ કર્યું હતું. ૨૦૨૦-૨૧ દરમિયાન અદિતિએ ૩૦ હપ્તામાં ૨૦૦ કરોડ રૂપિયા જમા કરાવ્યા હતા. જૂન ૨૦૨૦ સુધીમાં અદિતિને ઠગાઈની શંકા જાગી હતી અને ત્યાર બાદ તે સુકેશ સાથેની દરેક વાત રેકોર્ડ કરવા લાગી હતી. કોલના આશરે ૮૪ રેકોર્ડ ઈડીને સોંપી દીધા હતા અને સમગ્ર કેસ સામે આવ્યો હતો. આ વાતચીત દરમિયાન સુકેશે લો સેક્રેટરી અનુપ કુમાર અને અન્ય એક નામે અલગ અલગ લોકો સાથે અદિતિની વાત પણ કરાવી હતી.

# ગંગા એક્સપ્રેસ વેનો આજે મોદી કરશે શિલાન્યાસ


લખનૌ,તા.૧૭

ઉત્તરપ્રદેશની ચૂંટણીને લઈ તમામ પાર્ટીઓ અત્યારથી કામે લાગી ગઈ છે, તૈયારીઓની કસોટી પર કોઈ કમી રહી ન જાય તેના માટે દરેક પાર્ટી કોઈ કસર છોડવા માંગતી નથી એટલે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૦ દિવસમાં ચાર વાર ઉત્તરપ્રદેશ જશે.

આ ક્રમમાં મોદી ૧૮ ડિસેમ્બરના રોજ શાહજહાંપુરમાં ગંગા એક્સપ્રેસ વેની આધારશિલા રાખશે જયારે ૨૮ ડિસેમ્બરે કાનપુરમાં મેટ્રોનું લોકાર્પણ કરશે. મોદી પોતાના પ્રસ્તાવિત કાર્યક્રમ હેઠળ ૧૮ ડિસેમ્બરે શાહજહાંપુર જશે. અહીં વડાપ્રધાન ગંગા એક્સપ્રેસ વેની આધારશિલા રાખશે એ યાદ રહે કે ગંગા એક્સપ્રેસ વે મેરઠથી પ્રયાગરાજ સુધી યુપીના ૧૨ જીલ્લાથી થઈને પસાર થશે આથી એક્સપ્રેસ વે યુપીના પૂર્વ અને પશ્ચિમ ક્ષેત્રને પરસ્પર જોડશે. ૩૬,૨૦૦ કરોડના ખર્ચે બનનાર આ યુપીનો સૌથી લાંબો એક્સપ્રેસ વે હશે.

# બિભત્સ ટિપ્પણી બદલ રમેશ કુમારે અંતે માફી માગી લીધી

બેંગલુરૂ, તા.૧૭



કર્ણાટક વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને કોંગ્રેસી ધારાસભ્ય કેઆર રમેશ કુમારે દુષ્કર્મ અંગે ખૂબ જ ભદ્દી અને અશ્લીલ ટિપ્પણી કરવા મામલે માફી માગી છે. રમેશ કુમારે સોશિયલ મીડિયા પર માફી માગતા કહ્યું કે, ગુનાને નાનો દર્શાવવાનો તેમનો કોઈ જ ઈરાદો નહોતો.

રમેશ કુમારે ટ્વિટમાં લખ્યું હતું કે, 'હું હવેથી ખૂબ જ ધ્યાન રાખીને મારા શબ્દો પસંદ કરીશ. વિધાનસભામાં બળાત્કાર અંગે જે બેદરકારીભરી ટિપ્પણી કરી હતી તેને લઈ તમારા સૌ સમક્ષ ખેદ વ્યક્ત કરૂ છું.

મારો ઈરાદો ખોટો નહોતો અને જઘન્ય અપરાધને સામાન્ય ગણાવવાનો પણ નહોતો પરંતુ તે એક ઓફ ધ કફ (તૈયારી વગરની) ટિપ્પણી હતી.

કોંગ્રેસી ધારાસભ્ય કેઆર રમેશ કુમારે મહિલાઓ માટે ખૂબ જ આપત્તિજનક અને અસંવેદનશીલ ટિપ્પણી કરી હતી. તેમણે વિધાનસભામાં કહ્યું હતું કે, 'જ્યારે બળાત્કારને રોકી નથી શકાતો તો સૂવો અને મજા માણો.'

# કોરોનાને કારણે મિસ વર્લ્ડ ૨૦૨૧નો ફિનાલે સ્થગિત

પ્યૂર્ટો રિકો,તા.૧૭



અમેરિકાના પ્યૂર્ટો રિકોમાં યોજાનાર મિસ વર્લ્ડ ૨૦૨૧નો ફિનાલે અસ્થાયી રીતે સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ ફિનાલે ૧૬ ડિસેમ્બરે પ્યૂર્ટો રિકોમાં યોજાવાનો હતો. રિપોર્ટ મુજબ આવુ કોરોના મહામારીના કારણે થયુ છે.

જણાવવામાં આવી રહ્યુ છે કે મિસ વર્લ્ડ ૨૦૨૧ની સ્પર્ધા સાથે-સાથે આયોજન-સંચાલકો સહિત ૧૭ લોકો કોવિડ-૧૯થી સંક્રમિત મળ્યા છે. આના કારણે ફિનાલેને પોસ્ટપોન કરી દેવામાં આવ્યુ છે. તમને જણાવી દઈએ કે મિસ ઈન્ડિયા ૨૦૨૦ માનસા, વારાણસી ભારતથી આપણુ પ્રતિનિધિત્વ કરી રહી છે. તે પણ એ સ્પર્ધકોમાંની એક છે જે પ્યૂર્ટો રિકો પહોંચી હતી.

# ગ્રુપ કેપ્ટન વરૂણસિંહની લશ્કરી સન્માન સાથે અંત્યેષ્ટી કરાઈ

## વરુણસિંહના ભાઈ અને પુત્ર રિદ્ધિમને મુખાગ્નિ આપી





ભોપાલ, તા.૧૭

તામિલનાડુમાં હેલિકોપ્ટર ક્રેશમાં બચી ગયેલા એક માત્ર જાંબાઝ ગ્રુપ કેપ્ટન વરુણ સિંહનુ બે દિવસ પહેલા નિધન થયુ હતુ.

એ પછી આજે તેમના વતન ભોપાલમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.વરુણ સિંહના ભાઈ તનુલ અને પુત્ર રિધ્ધિમને તેમના નશ્વર દેહને મુખાગ્નિ આપી હતી. એ પહેલા મિલિટરી ટ્રકમાં તેમના મૃતદેહને સ્મશાન ગૃહ પહોંચાડવામાં આવ્યો હતો. તેમની અંતિમ યાત્રામાં હજારો લોકો ઉમટી પડયા હતા .

# ઉ.કોરિયામાં ૧૧ દિ'માટે હસવા, દારૂ પીવા, ખરીદી પર પ્રતિબંધ

## ઉત્તર કોરિયાના તાનાશાહનો વધુ એક ફતવો



પેર્યોંગયાન, તા.૧૭

નોર્થ કોરિયાના ભેજાગેપ તાનાશાહ કિમ જોંગે દેશના નાગરિકો પર ૧૧ દિવસ માટે હસવા પર, દારુ પીવા પર અને ખરીદી કરવા પર પ્રતિબંધ મુકયો છે. કિમ જોંગે પોતાના પિતા કિમ જોંગ ઈલની ૧૦મી પુણ્યતિથિએ આ આદેશ બહાર પાડ્યો હતો.શુક્રવારથી લઈને બીજા ૧૧ દિવસ સુધી દેશમાં રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

ઉત્તર કોરિયાની ખબરો આપતા રહેલા રેડિયો ફ્રી એશિયાએ ઉત્તર કોરિયાના બોર્ડર નજીકના શહેર સિનઈજુના રહેવાસીઓના હવાલાથી કહ્યુ છે કે, લોકો જીવન જરુરિયાતની વસ્તુઓ ખરીદવા માટે પણ બજારમાં નહીં જઈ શકે.નિયમ તોડનારાને આકરી સજાનુ ફરમાન પણ છે.


એક નાગરિકે કહ્યુ હતુ કે, પહેલા પણ કિમ જોંગ ઈલની પુણ્યતિથિ વખતે જે લોકો દારુ પીધેલી હાલતમાં પકડાતા હતા તેમની ધરપકડ કરવામાં આવતી હતી અને ઘણા લોકો તો ધરપકડ બાદ લાપતા પણ થઈ ગયા છે.

આ નાગરિકે કહ્યુ હતુ કે, ૧૧ દિવસના શોક દરમિયાન જો કોઈ નાગરિકનુ મોત થશે તો તેના પરિવારજનોને રડવાની પણ મંજૂરી નહીં મળે. આ સિવાય મૃતદેહનો અંતિમ સંસ્કાર પણ ૧૧ દિવસના શોક બાદ કરવામાં આવશે.શોકના સમયમાં લોકો જન્મ દિવસ પણ નહીં ઉજવી શકે.

# એશિઝની બે ઈનિંગ્સમાં બેટ્સમેન નર્વસ નાઈન્ટીનો શિકાર બન્યાનો પ્રથમ બનાવ

## વોર્નરે તોડ્યો ૧૦૦ વર્ષ જુનો રેકોર્ડ





એડિલેડ,તા.૧૭

એશિઝની બીજી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે એડિલેડનાં મેદાન પર રમાઈ રહી છે. ગુરુવારે બીજી મેચનાં પ્રથમ દિવસે ઈંગ્લેન્ડનાં બોલરો માત્ર ૨ વિકેટ લઈ શક્યા હતા પરંતુ તેમણે રનની ગતિ પર નિયંત્રણ જાળવી રાખ્યું હતું. જેના કારણે ઓસ્ટ્રેલિયાની ટીમ પૂરા દિવસમાં માત્ર ૨૨૧ રન જ બનાવી શકી હતી.

ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. પરંતુ ડેવિડ વોર્નરે એક છેડો પકડી રાખ્યો હતો. વોર્નર સદી તરફ આગળ વધી રહ્યો હતો, પરંતુ ૯૫નાં સ્કોર પર તેણે બેન સ્ટોક્સની બોલ પર સ્ટુઅર્ટ બ્રોડને કવરમાં કેચ આપી દીધો. આ રીતે તે સતત બીજી ઈનિંગ્સમાં સદી ચૂકી ગયો હતો.

બ્રિસ્બેન ટેસ્ટમાં પણ તે ૯૪નાં સ્કોર પર આઉટ થયો હતો. વોર્નરે આઉટ થવાની સાથે જ ૧૦૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો હતો.


જો ૧૦૦ વર્ષનાં રેકોર્ડની વાત કરીએ તો ૧૦૦ વર્ષમાં આવું પ્રથમ વખત બન્યું છે કે જ્યારે કોઈ બેટ્સમેન એશિઝની બે ઈનિંગ્સમાં નર્વસ નાઈન્ટીનો શિકાર બન્યો હોય.

## પેપર લીક થયાની સરકારની સત્તાવાર કબૂલાત : ૬ની ધરપકડ, ૪ લોકોની શોધ ચાલુ

# પરીક્ષા રદ કરવી કે નહીં તે નિર્ણય ગૌણ સેવા પસંદગી મંડળ કરશે

અમદાવાદ, તા.૧૭

રવિવારે લેવાયેલી હેડક્લાર્કની ૧૮૬ જગ્યાની ભરતી માટેની પરીક્ષાનું પ્રશ્નપત્ર ફૂટી ગયાનું આખરે સરકારે સત્તાવાર રીતે કબૂલ કર્યું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સ કરીને પેપર લીક થયા ના છ દિવસ બાદ પેપર લીક થયું હોવાની કબૂલાત કરી છે. આ મામલે અત્યાર સુધીમાં ૬ લોકોની ધરપકડ કરાઈ છે અને ચાર લોકોની શોધખોળ શરૂ કરાઈ છે. તેમણે પત્રકારોને કહ્યું હતું કે, આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦માંથી ૬ લોકોની ધરપકડ કરાઈ છે. જેમાં મહેશ પટેલ (ન્યૂ રાણીપ),ચિંતન પટેલ (પ્રાંતિજ) કુલદીપ પટેલ (કાણિયોલ, હિંમતનગર) ધ્રુવ પટેલ,દર્શન વ્યાસ, સુરેશ પટેલ (હિંમતનગર) ની ધરપકડ કરાઈ છે. શંકાસ્પદ આરોપીઓને નાસી કે છટકી જવાની તક નથી અપાઈ. ૨૪ થી વધારે પોલીસની ટીમો



કાર્યરત હતી. ગુનામાં પ્રાંતીજ પોલીસ સ્ટેશનમાં સરકાર તરફે ૪૦૬, ૪૦૯, ૧૨૦ હેઠળ ગુનો દાખલ કરાયો. આ કાંડમાં મુખ્ય આરોપી તરીકે ૧૦ વ્યક્તિઓ છે. સોશિયલ મીડિયાના માધ્યમથી પેપરલીકનો મામલો સામે આવ્યો હતો. મામલો સામે આવતાં જ તાત્કાલિક તપાસના આદેશ અપાયા હતાં.પેપરલીકમાં સંડોવાયેલા શંકાસ્પદો છટકી ના જાય તે માટે પોલીસ એલર્ટ હતી. ત્રણ દિવસ સુધી સતત તપાસ ચાલી. પોલીસે પહેલા શકમંદોને પકડવાનું કામ કર્યું છે. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ગુનાના મૂળ સુધી પહોંચવા માટે સરકાર કટિબદ્ધ છે. પહેલાં ક્યારેય પગલાં ના લેવાયા હોય તેવા પગલાં આ કેસમાં લેવાશે. એવી કાર્યવાહી કરાશે કે ભવિષ્યમાં કોઈ ફરીવાર પેપર લીક કરવાની કોશિષ ના કરે. ગુનેગારો વિરુદ્ધ વધુમાં વધુ કલમો ઉમેરાશે. કેસના મૂળ સુધી પહોંચ્યા બાદ પરીક્ષા રદ કરવી કે નહીં તેના પર નિર્ણય લેવાશે.પેપર ફૂટ્યાના પહેલા દિવસે જ ૬ લોકોને પકડી લેવામાં આવ્યા હતા,

# રાજકોટની ચાર શાળાઓમાં કોરોનાની દસ્તક : ફફડાટ

રાજકોટ, તા.૧૭

રાજકોટની જાણીતી નચિકેતા સ્કૂલ સહિત શહેરની ચાર સ્કૂલોમાં કોરોનાની એન્ટ્રી થતા હડકંપ મચી ગયો છે. નચિકેતા સ્કૂલમાં ધો.પમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને પગલે સ્કૂલ દ્વારા ૨૧ ડિસેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે. સ્કૂલે વિદ્યાર્થીઓને ૨૧ ડિસેમ્બર સુધી ઓનલાઈન અભ્યાસ કરાવવાનો નિર્ણય લીધો છે.

આ અંગે રાજકોટના DEOએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરની ચાર સ્કૂલો છે જેમાં કોરોનાના કેસ હોવાની વિગત બહાર આવી છે. નચિકેતા સ્કૂલના એક વિદ્યાર્થીનો રિપોર્ટ બે દિવસ પહેલા પોઝિટિવ આવતા સ્કૂલ દ્વારા એક અઠવાડિયાની રજા જાહેર કરાઈ છે. નિર્મલા કોન્વેન્ટ સ્કૂલની એક વિદ્યાર્થિની ઘરેથી ઓનલાઈન શિક્ષણ મેળવતી હતી તેનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ વિદ્યાર્થિની સ્કૂલે આવી નહોતી એટલે તેનો કોઈ ઈસ્યુ નથી કે તે સ્કૂલમાં કોઈ સાથે સંપર્કમાં હોય.

# વરાછાના GN બ્રધર્સમાં ૨ ભાગીદારે રફ હીરા બદલીને કરી ૪ કરોડની છેતરપિંડી

ઊંચી કિંમતનો હીરાનો માલ ૨ દલાલો વેચી આવતા હતા

સુરત , તા. ૧૭

વરાછામાં કિરણ બિલ્ડિંગમાં જી.એન.બ્રધર્સ હીરાની પેઢીમાં ૨ ભાગીદારોએ ૨ કર્મચારી અને ૨ હીરા દલાલ સાથે મળી રફ હીરાનો માલ બદલી નાખી કુલ ૪ કરોડની ઠગાઈ કરી હતી. ભાગીદાર ઈશ્વરભાઈ ખુંટે ફરિયાદ કરતા વરાછા પોલીસે ભાગીદાર વિજય ઉર્ફે વી.ડી ધીરૂ બદરખીયા(રહે,મોટાવરાછા), જીગ્નેશ કાકડીયા (રહે, સરથાણા), કર્મીઓમાં ગૌતમ કાછડીયા(રહે,પુણાગામ), પ્રકાશ સોજીત્રા(રહે, સરથાણા) અને દલાલો ધીરૂ બદરખીયા (રહે,કતારગામ) અને બીપીન તળાવીયા(રહે,મોટા વરાછા)ની સામે ગુનો નોંધ્યો છે. ૬ આરોપી પૈકી ૪ની ધરપકડ કરાઈ છે.

હીરાની પેઢીમાં ઈશ્વરભાઈ ખુંટ સહિત ૧૧ ભાગીદારો છે. ફક્ત કિરણ જેમ્સમાંથી રફ હીરા લાવી પ્રોસેસની કામગીરી કરી પરત હીરા જમા કરતા હતા. ભાંડો ફૂટી જતા ભાગીદારો અને કર્મચારીને પૂછતાં વિજય બદરખીયા ઉર્ફે વી.ડી.એ એપ્રિલ-૨૧ થી ૩૧મી ઓકટોબર સુધીમાં હિસાબ પ્રમાણે ૧.૩૦ કરોડનું ચીટીંગ કર્યુ, જયારે બીજા ભાગીદાર જીગ્નેશ ઉર્ફે કે.કેએ પણ આ સમયમાં ૪૦.૩૫ લાખનું ચીટીંગ કર્યુ ઉપરાંત કંપનીમાં કામ કરતા ગૌતમે ૫૬.૪૭ લાખનું તેમજ પ્રકાશ ઉર્ફે પીએસએ ૧.૭૫ કરોડનું ચીટીંગ કર્યુ હતું. એપ્રિલ-૨૧ થી અત્યાર સુધીમાં બન્ને ભાગીદારોએ બે કર્મચારીઓ સાથે મળી રફ હીરાનો ઊંચી કક્ષાનો માલ બદલી નાખી તેને બદલે હલકી કક્ષાનો માલ પ્રોસેસની કામગીરી કરી પરત કરી દેતા હતા. જે માલ જમા કરાવતા હતા તેમાં ફેરફાર આવતો હતો.

# મહેસાણામાં બાઈક અને ડમ્પર ટકરાતા પતિ-પત્ની-પુત્રનું મોત

વિસનગર-ઊંઝા હાઈવે ઉપર કાંસા ગામ નજીક બનાવ

મહેસાણા,તા.૧૭

મહેસાણા જિલ્લામાં એક દર્દનાક અકસ્માત બન્યો હતો. અહીં ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત નીપજ્યા હતા.



જેના પગલે પંથકમાં અરેરાટી ફેલાઈ હતી.

મહેસાણા જિલ્લાના વિસનગર-ઊંઝા હાઈવે ઉપર કાંસા ગામ નજીક ગઈકાલે સાંજે એક માર્ગ અકસ્માતની ઘટના બની હતી. ડમ્પર ચાલકે એક બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર ત્રણેય લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા.અકસ્માતમાં ભોગ બનનાર દાહોદ જિલ્લાના ગુગસ ગામના રહેવાસી હોવાનુ અને મહેસાણાના વાલમ ગામે મજૂરી કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે. જે ત્રણ વ્યકિતના મોત નિપજ્યા છે તેમાં સવાભાઈ હકલાભાઈ પારઘી, તેના પત્ની લાલીબેન પારઘી અને પુત્ર રાજેશ પારઘીનો સમાવેશ થાય છે. ત્રણેય લોકો વિસનગરથી વાલમ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી, નલિયા બન્યું સૌથી ઠંડુગાર

અમદાવાદ,તા.૧૭

સમગ્ર દેશમાં બરાબર શિયાળો જામ્યો છે ત્યારે ગુજરાતમાં પણ હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સમગ્ર ગુજરાત ઠંડીથી ઠુંઠવાઈ ગયું છે.

શુક્રવારે રાજ્યમાં સૌથી વધુ ઠંડી નલિયામાં નોંધાઈ, નલિયામાં તાપમાન ૯ ડીગ્રી સુધી નીચે સરકી ગયું. ઠંડી વધવા પાછળનું કારણ રાજયમાં ઉતર



પૂર્વના પવન ફૂંકાતા ઠંડીનું પ્રમાણ વધ્યુ છે.

રાજ્યમાં અનેક શહેરોમાં સતત પારો ગગડવા લાગ્યો છે. પવન સાથે ગુજરાતમાં કોલ્ડવેવની સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાતનાં મોટા ભાગનાં શહેરોમાં ઠંડીનો પારો ૧૨ ડિગ્રી નીચે પહોંચ્યો છે. ત્યારે નલિયામાં ૯ ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી દિવસોમાં ગુજરાતમાં તાપમાનનો પારો વધુ ગગડશે. ત્યારે ગુજરાતને અડીને આવેલા પ્રવાસન સ્થળ માઉન્ટ આબુમાં માઈનસ ૧ ડિગ્રી તાપમાન પહોંચી ગયું છે.

# અસિત વોરાને તપાસમાંથી દૂર કરો, નહીં તો આંદોલન : યુવરાજસિંહની ચીમકી

ગાંધીનગર,તા.૧૭

હેડ ક્લાર્કની પરીક્ષાનું પેપર લીક થયાનો ખુલાસો થતાં ૮૮ હજાર ઉમેદવારોના ભવિષ્ય પર સવાલ ઉભો થયો છે. પેપર રદ કરવા મામલે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. યુવરાજસિંહ જાડેજાએ કહ્યું કે આ કૌભાંડમાં ઝડપાયેલા આરોપીઓ માત્ર નાની માછલીઓ છે. મોટા આકાઓ સુધી પોલીસ હજુ સુધી પહોંચી જ નથી. આરોપીઓ સામે પોલીસે હળવી કલમો લગાવી છે. પરંતુ આ કેસમાં ગૌણ સેવા મંડળના ચેરમેન અસિત વોરાને તપાસમાંથી હટાવી દેવામાં આવે. ગૌણ સેવાના ચેરમેન અસિત વોરા શંકાના દાયરામાં છે.

યુવરાજસિંહ જાડેજાએ મીડિયાને સંબોધનમાં સરકારને અલ્ટિમેટમ આપીને કહ્યુ છે કે, ‘અસિત વોરાને આ તપાસમાંથી દૂર કરો, ૭૨ કલાકમાં આ કાર્યવાહી નહીં થાય તો ધરણાં કરીશું.’

# ગ્રામ પંચાયત ચૂંટણીના પડઘમ થયા શાંત : રવિવારે થશે મતદાન

અમદાવાદ,તા.૧૭

ગ્રામ પંચાયતની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થઈ ગયા છે ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ૧૯ ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું છે.૮ હજાર ૬૮૪ ગ્રામ પંચાયતમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેનું પરિણામ ૨૧ ડિસેમ્બરે જાહેર થવાનું છે.

૧૯ ડિસેમ્બરે ૨૭ હજાર ૨૦૦ સરપંચ અને ૧ લાખ



૧૯ હજાર ૯૯૮ સભ્યનું ભાવી સીલ થશે.૧૧૬૭ ગ્રામ પંચાયત બિન હરિફ થઈ છે અને ૯ હજાર ૬૬૯ સભ્ય બિન હરીફ ચૂંટાયા છે. ત્યારે અંશતઃબિનહરીફ ગ્રામ પંચાયતની સંખ્યા ૬ હજાર ૪૪૬ તો ૪૫૧૧ સરપંચ અને ૨૬ હજાર ૨૫૪ સભ્ય બિનહરીફ થયા હોવાનું જાણવા મળ્યું છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને રાજ્ય ચૂંટણી પંચની સમીક્ષા બેઠક હતી. ગૃહ વિભાગ અને આરોગ્ય વિભાગ સાથે પણ ચર્ચા કરી લેવાઈ છે.

૧૯મી ડિસેમ્બરે યોજાનાર ચૂંટણીને લઈને ચૂંટણી પંચે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

# ૧૨ વર્ષની બાળકી સાથે મિત્રતા કેળવીને યુવકે આચર્યુ દુષ્કર્મ

રાજકોટના ઉપલેટાની શરમજનક ઘટના

રાજકોટ,તા.૧૭

અવારનવાર બાળકીઓ સાથે દુષ્કર્મની ઘટના પ્રકાશમાં આવતા રાજ્ય શરમજનક સ્થિતિમાં મુકાઈ રહ્યું છે. ત્યારે



આવો જ એક કિસ્સો રાજકોટના ઉપલેટામાં બન્યો છે.

ઉપલેટામાં ૧૨ વર્ષની બાળકીને પ્રેમજાળમાં ફસાવીને મુકેશ ભરતભાઈ સોલંકી નામના યુવકે દુષ્કર્મ ગુજાર્યુ છે. આ અંગેની ફરિયાદ ઉપલેટા પોલીસ મથકમાં નોંધાઈ છે. આ કેસમાં પોલીસે ૨૨ વર્ષના યુવક મુકેશને ઝડપી પાડ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી મુકેશ વડલી ચોક નજીક ચાની હોટલમાં કામ કરે છે. જ્યાં કામ કરતા તેની નજર ૧૨ વર્ષની બાળકી પર બગડી હતી. બાળકીને પોતાની વાતોમાં ફસાવીને તેની સાથે મિત્રતા કેળવી હતી. તે બાળકીને ચોકલેટ, નાસ્તો કરાવતો હતો. જેથી બાળકી આ નરાધમની વાતોમાં આવી ગઈ હતી.તેના પરિવારનો મોબાઈલ નંબર લઈને તેની સાથે સંપર્કમાં રહેતો હતો. આ દીકરી ટ્યુશનમાં જાય તો ત્યાં પણ તેને મળતો હતો. બાળકી ગઈકાલે સાંજે ચારથી છ ટ્યુશનમાં ગઈ હતી પરંતુ ત્યાંથી ઘરે સમયસર પાછી આવી ન હતી.

જેના કારણે પરિવારજનો ચિંતામાં આવી જઈને બાળકીને શોધવા લાગ્યા હતા. જે બાદ દીકરી ન મળતા પોલીસમાં પણ જાણ કરી હતી. જે બાદ રાતે ૯ વાગ્યાની આસપાસ આરોપી મુકેશ બાળકીને બાઈક પર તેના ઘર પાસે મુકીને ભાગી ગયો હતો.

દીકરીને જોતા પરિવારને હાશકારો થયો હતો. જે બાદ દીકરીને પૂછયું કે કેમ મોડું થયું. ત્યારે દીકરી રડી પડી હતી અને આપવીતી સંભળાવી હતી. જે સાંભળતા પરિવારના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. પરંતુ પરિવારે હિંમત રાખીને આ અંગેની જાણ પોલીસને કરતા ઘટનાની ગંભીરતા જોઈને આ અંગેનો ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડ્યો હતો. જે બાદ કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપીના રિમાન્ડ લેવાની પણ તજવીજ હાથ ધરી છે.













